RNI No. 6489/57

# શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા

## માસિક પત્રિકા

Issue : 10, Year: 70, January, 2024, Pages: 52, Price Rs. 7.00




આપણું ઝાલાવાડ.....સમૃદ્ધ ઝાલાવાડ

।।શ્રી પરમાત્માય નમઃ।।

## શેઠ નગીનચંદ કપુરચંદ ઝવેરીના પ્રયાસથી

# જીવદયા ફંડ

**શ્રી નગીનચંદ કપુરચંદ ઝવેરી**

સુભાષ ચોક, ગોપીપુરા, સુરત - ૧

મો.: ૯૮૨૦૦ ૭૮૭૭૨

સ્થાપના વિ. સં. ૧૯૬૨

ઇ.સ. ૧૯૦૬ રજી નં. ૧૭૪૪

Trust 80G Available PAN : AAATS8024L



**પૈસા મોકલવાનું સ્થળ**

## પ્રફુલ અમીચંદ ઝવેરી

૨૬૩, ખટાઉવાડી, ગોરેગાંવકર લેન,
શોપ નં. ૨, ગ્રાઉન્ડ ફ્લોર, ઓપેરા હાઉસ,
સેન્ટ્રલ સિનેમાની પાછળ, ચર્નીરોડ (ઈસ્ટ)
મુંબઈ – ૪૦૦ ૦૦૪.
ફોન : ૨૩૮૦૭૮૪૭૬ મો. ૯૮૨૦૦૭૮૭૭૨

ધર્મપ્રેમી સદ્‌ગૃહસ્થો,

જીવદયા ફંડ સંસ્થા સુરતના દાનવીર શેઠ શ્રી નગીનચંદ કપુરચંદ ઝવેરીના પ્રયાસથી સ્થાપિત એક રજીસ્ટર્ડ ટ્રસ્ટ છે. આ જીવદયા ફંડ સંસ્થા છેલ્લા ૧૧૬ વર્ષોથી જીવો છોડાવવાનું કાર્ય સંભાળી રહી છે. એમના પ્રખર પૂણ્યબળે આ ઉત્તમ કાર્યમાં વર્ષ પ્રતિ વર્ષ પ્રગતિ થઇ રહી છે. **જેમકે છેલ્લા ૦૯ વર્ષો માં (એપ્રિલ - ૨૦૧૪ થી માર્ચ -૨૦૨૩) સુધીમાં ૨૧૦૦૬ - જીવો છોડાવેલ છે.**

અમારે આંગણે આવતા મુંગા જીવોને કત્તલખાને જતા અટકાવીને પાંજરાપોળમાં ટ્રસ્ટીઓ ની દેખરેખ હેઠળ સોપવામાં આવે છે તથા પશુના જીવન પર્યંત પૂરે પૂરી સંભાળ લેવામાં આવે છે.

અનંદ દયાના સાગર ભગવાન શ્રી મહાવીરના શાસનના બે સ્થંભો છે. અહિંસા અને જીવ માત્ર પર મૈત્રી, સર્વજ્ઞના આ સંદેશાને સાર્થક કરવા માટે પણ દિવસો ઓછા મહત્વના નથી.

આપના - પરિવારના કોઈ પણ સભ્યનો જન્મદિન
પશુ- પરિવારના એકાદ સભ્યોને જીવનદાન આપીને ઉદ્ધવો.
આપના પરિવારમાં આવી ઊભેલા લગ્નોત્સવને
એકાદ પશુયુગલનો જીવનોત્સવ બનાવો.
કર્મસંયોગી આવેલી માંદગીની અશાતા ટાળવા
કોઈ પશુને અભયદાન આપી મહાશાતા આપો.
સ્વજનના મૃત્યુના દુ:ખદ પ્રસંગે એકાદન પશુને
મૃત્યુનાં મુખમાંથી છોડાવી સાંત્વના પ્રાપ્ત કરો.
પવિત્ર પર્વના ધર્મોત્સવમાં એકાદ જીવને
જીવન બક્ષી પર્વો પાસનાને દયના રંગથી મઢી દો.

આપ કાયમી તિથિ પણ નોંધાવી શકો છો. એ તિથિએ દાનની રકમના વ્યાજમાંથી જીવો છોડાવવામાં આવશે.

**એપ્રિલ ૨૦૨૩ થી ઑગસ્ટ ૨૦૨૩ (પાંચ મહિના) માં ટોટલ ૧૬૫૫ જીવો છોડાવેલ છે.**
**મોટા જીવો, નાના જીવો તથા બકરી**

ચેક અથવા ડ્રાફ્ટ જીવદયા ફંડ ના નામનો બનાવશો. રોકડા પણ લેવામાં આવશે. (આપનો અણમોલ ફાળો સુરત ખાતે ઉપરના સરનામે અથવા મુંબઈ ખાતે ઉપરના સરનામે મોકલશો.

| | | |
|---|---|---|
| Bank Name : AXIS BANK LTD. | | |
| A/c. Name | : JIVDAYA FUND | A/c. No. : 921010033621820 |
| IFSC | : UTIB0002274 | Branch : Charni Rd, Mumbai |

| | | |
|---|---|---|
| Bank Name : BANK OF INDIA | | |
| A/c. Name | : JIVDAYA FUND | A/c. No. : 000120100001219 |
| IFSC | : BKID0000001 | Branch : (Mumbai Main Br.) |

Note : When ever you deposit through (Cheque / RTGS / NEFT ... etc.) Kindly inform us your (Name/Address/Mobile Number donation amount) Confirmation for sending you our Receipt.

**દાન એજ સફળ જીવન**

**લી. ટ્રસ્ટીગણ**

પ્રફુલ અમીચંદ ઝવેરી
જતીનભાઈ ફકીરચંદ
પુષ્પસેનભાઈ પાનાચંદ ઝવેરી
શરદભાઈ ગુલાબચંદ કાંટાવાળા
વિરેન્દ્રભાઈ નેમચંદ ઝવેરી
ઉષાકાંત સાકેરચંદ ઝવેરી
નિરજ સુરેન્દ્રભાઈ ઝવેરી

Advt.

SHREE ZALAWADI
STHANAKWASI
JAIN SABHA

*Presents*



# (ZSPL)-II Under Arm Cricket Tournament

https://forms.gle/eqPu12Sx56qc9s9h8

## Tournament Date : 7th April Sunday

## Venue : Andheri Sports Complex,Umrb Turf

### Key Highlights



- 16 Team Owners
- Lots of fun and prizes for participating players
- Player Grading and Auction
- Players will be given track pant and T-shirt
- We are welcoming sponsors / Team owners and Title sponsors
- Participants age should be from 15 years to 60 years
- Participants Fees Rs 700/-
- Players have to be members of Sabha or their family member

**Hon. Secretary**
Smt. Manishaben M. Shah

Atulbhai A. Shah
98201 48673

Anilbhai H. Sanghvi
98210 96328

**Joint Secretary**
Mukeshbhai R. Shah - 9819183325
Niravbhai P. Doshi

**Convenor**
Chetanbhai Gosalia
9820537470

**Tournament Key Person**
Saurabh Shah
Hitesh Barbhaya
Pathik Shah
Urmil Shah
Minesh Sanghvi
Dharmil Gosalia

**ZSPL Commitee Members**
Vijay Ajmera
Sanjay Turakhia
Nirav Khandhar
Sanjay Shah
Paresh Doshi

**શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા -મુંબઈ**

**ઝાલાવાડી સભા ચેરિટેબલ ફાઉન્ડેશન**

**શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન મહિલા મંડળ**



# ઝાલાવાડ મિલનોત્સવ ૨૦૨૪ તથા

## મહિલા મંડળ સ્વર્ણજયંતી ઉત્સવ



## ગીતાબેન રબારી

ઝાલાવાડી સભાના ભાઈ ઓ અને બહેનો,

એક ખુબજ સરસ પ્રોગ્રામ આપણે ૧૦ મી માર્ચના સાંજે ૪ થી ૧૦ વાગ્યાનો રાખ્યો છે

ગીતાબેન રબારીના ગીતોની રમઝટ સાથે, તેમાં સ્વર્ણ પીંછ રૂપી મહિલા મંડળ ના કેન્દ્રની બહેનો અને ભાઈ ઓ સાથે ની હરિફાઈ ગરબા રાસ રમવા હોય તેમને આવકાર, જમ્યા વગર ઘરે પાછા નહિ જતા.



## જામશે વાતોનો દોર


આવો સાથે મળી એક પાનું ઉમેરીએ આપણી ઝાલાવાડ ની સફરની યાદોંમાં, થોડીક લાગણીઓને છલકાવીએ આપણા ઝાલાવાડની ધિકતી ધરામાં, સહુ સાથે મળી ઉજવીએ ઝાલાવાડ મહિલા મંડળનાં સુવર્ણ અવસરને, જામશે વાતોનો દોર, ફેલાશે ચારેકોર કેમ છો ? મજામાં છો નો કલશોર, હિલોળા લેશે સહુનાં હૈયા, સાથે મળી રમશું બની ખેલૈયા તમે બધા આવો આપણે સાથે મળીને બે ઘડી આનંદ કરીએ.

## ૫૦મી સુવર્ણ જયંતિ

ઝાલાવાડી મહિલા મંડળ જેના સમગ્ર મુંબઈ માં ૧૨ કેન્દ્રો છે તેની ૫૦ મી સુવર્ણ જયંતિ ઉજવીએ (Golden Jubilee) આ સાથે નિતનવી ગેમો રમીએ અને સુંદર સ્વાદિષ્ટ ભોજનની સંગતે આપણાં ઝાલાવાડી ભાઈ અને બહેનો સાથે ગપ્પા ગોષ્ટિ કરીએ.

આ કાર્યક્રમમાં બધીજ ઉંમરના ભાઈ-બહેનો માટે કોઇને કોઈ નવીનતા ભરી વસ્તુ રાખી છે નાના બાળકો માટે ચિલ્ડ્રેન્સ નૂક છે સાથે સાથે હરતા ફરતા ગોળા, પપકોર્ન ને કેન્ડીફ્લૉસ ખાવ. આવીતે રંગત ક્યારે મળે ? જુવાનો માટે ગેમ્સ અને દાંડિયા રાસ છે સિનિયર સિટીઝન માટે ગીતો સાંભળવાના અને ગપ્પા ગોષ્ટિ કરવાની બેઠક છે. તો ચાલો, આવો મોકો ક્યારેક્જ મળે છે આખો ઝાલાવાડી સમાજ મળશે.







## યાદ રાખજો

**તારીખ અને સમય**

**તારીખ : ૧૦ માર્ચ ૨૦૨૪**

**સમય: સાંજે ૪ થી ૧૦**




**સ્થળ:**

**સપ્તાહ ગ્રાઉન્ડ,**
**કમલ વિહાર સ્પોર્ટ્સ ક્લબની સામે,**
**મહાવીર નગર, કાંદિવલી (વેસ્ટ),**
**મુંબઈ - ૪૦૦૦૬૭.**

**ઝાલાવાડ મિલનોત્સવ - ૨૦૨૪ જરૂર પધારશો.**
**પ્રવિણભાઈ ગંભીરભાઈ શાહ - ટ્રસ્ટી - પ્રમુખ**
**સમગ્ર ટ્રસ્ટીગણ - હોદ્દેદારો તથા કારોબારી સભ્યો**

**સંપર્ક સૂત્ર :**

| | |
|---|---|
| અતુલભાઈ શાહ | 98201 48673 |
| મીરાબેન શાહ | 9819304833 |
| મુકેશભાઈ શાહ (ચશ્માવાળા) | 9819183325 |
| નિરવભાઈ દોશી | 9820823400 |

**ઝાલાવાડ મિલનોત્સવ - ૨૦૨૪ ના ભાગ્યશાળી દાતાઓ બની શકો છો.**

| | |
|---|---|
| (૧) પ્રેરીત દાતા | રૂા. ૧૧ લાખ |
| (૨) ભોજન ખંડના દાતા | રૂા. ૦૫ લાખ |
| (૩) સ્ટેજના દાતા | રૂા. ૦૩ લાખ |
| (૪) અનુમોદના દાતા | રૂા. ૦૧ લાખ |

વિશેષ : ઝાલાવાડ મિલનોત્સવ ૨૦૨૪ દરમ્યાન આપના વ્યવસાયની જાહેર ખબર, રૂા. ૫૦૦૦/- માં ૬"x 3" ફીટના બેનરોનો શુભેચ્છાકો બનો. સંપર્ક : શરદભાઈ એમ. ગાંધી. મો. 9867540501


Vietnam
માણો વિયેતનામ ની સુંદરતા ૧૧ દિવસ ની
ભવ્ય લકઝરી ટુર માત્ર એમ્પમ હોલિડેઝ
ના અમિત શાહ ના સથવારે !
Ammpal HOLIDAYS
Dream. Explore. Discover.
HANOI • HALONG BAY • DANANG • HOI AN • SA PA • HO CHI MINH
Successfully Executed Tours For • JSG,Borivali • JJC, Malad • Shushil Dhanuka & Group
• Solitaire, Ghatkopar • Solitaire Queens, Ghatkopar • NSCI, Worli • Mansi Ladies Group
24 CARAT GOLD HOTEL
HO CHI MINH NIGHT CITY TOUR
SA PA GLASS BRIDGE
EXCLUSIVE WITH AMMPAL HOLIDAYS ONLY
જે કોઈ નથી આપતું એ
• સાપા ગ્લાસ બ્રિજ.
• 1 કલાક ફૂટ સ્પા.
• હો ચી મિન્હ ની નાઇટ સિટી ટૂર.
• ટ્રેન સ્ટ્રીટ પર કોકોનટ કોફી.
• વોટર પપેટ શો માટે VIP ટિકિટ.
• બાના હિલ્સ ખાતે ખાસ પિઝા.
• કોઈ પેકેડ ફૂડ આપવામાં આવતું નથી.
• નાસ્તા સાથે સવારે 7:00 વાગ્યે વહેલું ચેક-ઇન.
• હો ચી મિન્હ મા સિટી સેન્ટર મા 5 સ્ટાર હેરિટેજ હોટેલ મા ઉતારો.
TOUR DATES 2024
JAN 21st
FEB 20th
MAR
2nd | 12th | 23rd
APR
3rd | 14th | 25th
MAY
7th | 18th | 31st
EXPERIENCE CHERRY BLOSSOM
IN JAPAN - 10 DAYS TOUR
FALL IN LOVE WITH THE BEAUTIFUL
COLORS OF NATURE ALL OVER AGAIN !
TOKYO • SHIZUOKA • HIROSHIMA • OSAKA
BULLET TRAIN RIDE
HAKONE ROPEWAY
SUMIDA RIVER CRUISE
TOUR DATES
26TH MAR '24
(Ltd. Seats)
• BULLET TRAIN • NARA DEER PARK • TOKYO SKY TREE • UMEDA SKY BUILDING • FLOATING GARDEN • LAKE ASHI CRUISE
• MT. FIJI • HAKONE ROPEWAY • ATOMIC BOMB & PEACE MUSEUM • MIYAJIMA ISLAND • SUMIDA RIVER CRUISE
BAKU + GABALA
AZERBAIJAN - 6N7D TOUR
TOUR DATES 2024
MARCH 2nd | 9th | 16th
APRIL 17th | 20th | 24th
TOUR COST
₹1,11,111/-*
TOUR ATTRACTIONS
Delicious Cuisines (Veg & Jain) by Our Own RAJASTHANI MAHARAJ
Tour Inclusive of International & Domestic Air Fare*
Accompanied by English Speaking Experienced Tour Coordinator
Sightseeing in Super Deluxe A/c Luxury Coaches
Stay at 5-Star Luxurious Hotels
AMMPAL HOLIDAYS
Specialist in International & Domestic Tour Packages
WE GIVE WHAT IS PROMISE
WE BELIEVE IN GIVING
LUXURIOUS EXPERIENCES
EXCLUSIVE WOMEN TOURS, SOCIAL GROUP & CUSTOMISED TOUR PACKAGES AVAILABLE
For Booking & Planning Your Tours Call Us Now!
AMIT SHAH 9833082820
ammpalholidays@gmail.com
www.ammpalholidays.in
Follow us on
ammpalholidays
ammpal_holidays
Advt.

# PURVA SHAREGISTRY (I) PVT. LTD.

(SEBI Regd. INR000001112 Category I Registrars to IPO & Share Transfer Agents)

**Mid-Sized Registrar Providing**

**ONE STOP SOLUTION FOR**

**Corporate Share Registry**



## COMPULSORY DEMAT OF PVT LTD COMPANY

If Paid Up Capital > 4 crores

OR Turnover > 40 crores

## OUR SERVICES

- **Alternate Investment Fund (AIF)**
- Buy Back of Shares
- Commercial paper (CP)
- **Demat of Pvt Ltd Company**
- Exit Offer
- **Evoting platform for AGM / EGM**
- Fix Deposit
- Initial Public Offer **(IPO)**
- **Managing Committee Elections for Clubs / Hsg Societies / Social / Religious Organizations, etc**
- Open Offer
- Qualified Inst. Placement (QIP)
- Rights Issue
- Stamp Duty Collecting Agents
- **Share Transfer Agents -** Equity / Debentures / Pref. Shares
- **SDD Software for Audiors / CS of listed Companies**
- Voluntary Delisting Stk Exchange
- Video Conference for AGM

**Enjoying trust and confidence of over 1600 Clients including 350 listed companies**

**Address:**
9 Shiv Shakti Ind. Estt., J. R. Boricha Marg,
Lower Parel East, Mumbai 400 011
(nr. Lodha Excelus)

support@purvashare.com
www.purvashare.com
Rajesh Shah - 99690 53005
Purva Shah - 98200 27987

Advt.
















# Rising Sun Electric

------ A transition to clean energy is about making an investment in our future ------

**D2 Vijaykarwadi, Kumar Estate, Chincoli, Opp Mc Donnals, SV Road, Malad W, Mumbai 400064**
**Mob. 7021213467 Email: - risingsunelect@gmail.com Website :- www.risingsunelect.com**

**Email: - risingsunelect@gmail.com** **7021213467** **www.risingsunelect.com**

Advt.




શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા (મુંબઈ)
સ્થાપના : ઈ. સ. ૧૯૦૩

**માસિક પત્રિકા**

જાન્યુઆરી ૨૦૨૪
વર્ષ : ૭૦ : : અંક : ૧૦
: તંત્રી :
સંધ્યાબેન બિપિનભાઈ શાહ
માલિક :
શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા–મુંબઈ
: મુદ્રક અને પ્રકાશક :
પ્રવીણચંદ્ર જી. શાહ
: પ્રકાશન સ્થાન :
૩૦૧, બે વ્યુ (ઈસ્ટ), ત્રીજે માળે,
૪૭, ડૉ. એમ. બી. વેલકર સ્ટ્રીટ,
(કોલભાટ લેન) ચીરાબજાર,
મુંબઈ–૪૦૦ ૦૦૨.
મો.: ૭૨૦૮૪૭૨૮૮૪, ૭૨૦૮૪૮૧૭૯૧
Email : zalawadisabha@gmail.com
મુદ્રણસ્થાન : રાજેશ પ્રિન્ટરી,
૧૧૫, પ્રગતિ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ,
૩૧૬, એન. એમ. જોશી માર્ગ,
ડિલાઈલ રોડ, લોઅર પરેલ (ઈસ્ટ)
મુંબઈ–૪૦૦૦૧૩. ફોન :૦૨૨–૩૫૭૪૦૮૧૧
: ફક્ત પત્રિકાનું લવાજમ :
ત્રણવર્ષના રૂપિયા ૧૦૦૦/–+18%GST
ત્રણ વર્ષના કુલ રૂપિયા ૧૧૮૦/–
છૂટક નકલ રૂા. ૭/–

શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા
ઑફિસના કામકાજનો સમય
સવારના ૧૧–૦૦ થી સાંજના ૭–૦૦

*શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા, માસિક પત્રિકામાં પ્રગટ તથાં લેખો કે વિચાર લેખકના અંગત વિચાર છે, તેની સાથે સંસ્થાના ટ્રસ્ટી કે તંત્રી સહમત છે એમ માની લેવું નહી. તેની ખાસ નોંધ લેવી. કાનૂની કાર્યવાહીનું અધિકાર ક્ષેત્ર મુંબઈ રહેશે.*



# મારો ભારત દેશ મહાન ?

ભારત દેશ મહાન, મારો ભારત દેશ મહાન,
રહો રાતદિન રમતો સૌને હૈયે હિન્દુસ્તાન
ઉત્તરમાં છે શુભ હિમાલય, મહાસાગર દક્ષિણે,
જગન્નાથ ને દ્વારકેશ છે ઉગમણે આથમણે,
કોટિ કોટિ હિન્દુજન ગરવા છે એનાં સંતાન.
અહીં સેંકડો નદીઓ એનાં અમૃત જલજલ ધાવે,
ડુંગર ડુંગર દેવદેવીઓ અમીદષ્ટિ વરસાવે,
ફલ ફુલ ને અન્નકોષની દેતી ધરણી દાન.
રામકૃષ્ણ, મહાવીર, શિવાજી, રાણા, સાંગા પાક્યા,
સંત, સતીને દાતા, શૂરા પાને પાને ટાંક્યા,
ગોપાલન ને ધર્મ સનાતન સંસ્કૃતિનાં સન્માન.
ભારતમાતા પૂન્યભૂમિ ને પિતૃભૂમિ કલ્યાણી.
અનેકતામાં ઐક્યમંત્ર છે ગાતી ઋષિમુનિ વાણી,
સંગ સાધના કરતાં પ્રગટે નિજદેશાભિમાન.
ભારત દેશ મહાન મારો ભારત દેશ મહાન.

**સંપાદક : શ્રી શરદભાઈ એમ. ગાંધી**
M. : 9867540501
Email Id. :sharadgandhi51@gmail.com

# ઉચ્ચ સંકલ્પ ઉચ્ચ વ્યક્તિત્વ

લાલજી સર

**એ**કલવ્યના સંકલ્પ અને ગુરૂ નિષ્ઠાની યાદ અપાવે એવા જ એક પૌરાણિક ઉદાહરણથી શરૂઆત કરીએ. એક વખત ગુરૂએ સહઅધ્યાયીઓ વચ્ચે શિષ્યને કહ્યું 'અરે મૂર્ખ, તું વિદ્યા પ્રાપ્તિ નહિં કરી શકે, તારા હાથમાં વિદ્યાની રેખા જ નથી, માટે ચાલ્યો જા'. ગુરૂના આ ધારદાર શબ્દોની શિષ્ય ઉપર ભારે અસર થઈ. તેણે ગુરૂને પૂછ્યું 'વિદ્યાની રેખા ક્યાં હોય ?' અને ગુરૂએ બતાવેલ રેખાને તેણે ચાકુ વડે હાથમાં અંકિત કરી દ્રઢ સંકલ્પ કર્યો કે, 'ગુરૂજી, હું વિદ્યા પામીને જ રહીશ. અને ખરેખર એક દિવસ તે વિશ્વભરના સંસ્કૃતના સૌથી મોટા વ્યાકરણાચાર્ય બન્યા. દુનિયાને મહાન વ્યાકરણ ગ્રંથની ભેટ આપી. તેઓએ હાથમાં શસ્ત્રથી રેખા નહોતી દોરી પરંતુ મજબૂત સંકલ્પથી અંતરમાં રેખા દોરી હતી. જેના પરિણામે તેઓ જ્વલંત સફળતા પામ્યા.

*'સિદ્ધ થાય કે ન થાય સંકલ્પ કરજો તો ખરા,*
*બની ના શકી પૂર્ણ મૂરત આકાર કંડારાસે ખરા'*

દિશાહીન બનીને મનને વ્યથિત કરવાને બદલે એક નવી ઉડાન ભરવાની છે. ગીતા, વેદ-પુરાણો સંકલ્પ વગર ક્યાં લખાયા છે ? જીવનમાં આપણે ત્યારે જ એકલા હોઈએ છીએ જ્યારે આપણી પાસે કોઈ સંકલ્પ હોતો નથી. એટલે મળેલી હારથી નિરાશ થવાનું નથી. પરિસ્થિતિ વિપરિત પણ હોય છતાં કમજોર ન થતાં મનોબળ મજબૂત કરી સંકલ્પ પૂર્ણ કરવા આગળ વધવાનું છે, જેને પોતાના પર જ ભરોસો હોય છે, એના જ સંકલ્પ ફળીભૂત થાય છે. સંકલ્પશક્તિ એટલે સ્વયંને કોઈ પણ કાર્ય માટે વાળવાની શક્તિ.

*'ન બદલાય કશું ખાલી ઈચ્છાથી, એક સંકલ્પ*
*દ્રઢ, બદલી નાખે સમગ્ર જીવનને'*

મનુષ્યમાં બળની કમી નથી પરંતુ દ્રઢ સંકલ્પશક્તિની કમી છે. આપણે સૌએ આ સંકલ્પશક્તિને દ્રઢ કરવા કટિબધ્ધ બનવાનું છે. આપણા જીવનના વિવિધ પાસાઓમાં દ્રઢ સંકલ્પી બનવાની જરૂર છે. કુદરતે મનુષ્યને જે વિશેષ શક્તિઓ આપી છે જેથી મનુષ્ય કાંઈક પ્રાપ્ત કરી શકે. તેમાં સંકલ્પ શક્તિ ઘણી મહત્વની છે. કોઈ પણ સિધ્ધિ કે સફળતા પ્રાપ્ત કરવા માટે મનુષ્યે દ્રઢ સંકલ્પ કરવો પડે છે. શરીરને ઉત્કૃષ્ટ અને બળવાન બનાવવાની જેને ઈચ્છા હોય તેને તે પ્રકારનો સંકલ્પ પ્રથમ કરવો પડે છે. અને તે પ્રકારના આદર્શને સદૈવ દ્રષ્ટિ સમક્ષ રાખવો પડે છે. રમતવીર બનવાની ઈચ્છા કરનાર, કોઈ રોલ મોડેલ રમતવીરને, ધનવાન બનવા માટે કોઈ ધનવાન કે પોતાના ધનવાનપણાનું ચિત્ર મનમાં રાખીને ચિંતન કરે છે. તેને અનુરૂપ તે ભવિષ્યકાળના જીવનનો નકશો બનાવે છે. સપનાની ઉડાન ભરવા એક સંકલ્પ જરૂરી છે. એટલું જ નહિ જિંદગીને બહેતર બનાવવા પણ એક સંકલ્પ જરૂરી છે. ઊંચાઈઓને આંબવા, મંઝિલ તરફ હરણફાળ ભરવા, માણસાઈનું જતન કરવા તેમ જ નિરાધાર લોકોનો આધાર બનવા માટે એક સંકલ્પ જરૂરી છે. પૂ. જલારામ બાપાના આવા સંકલ્પો પ્રેરણાદાયી બની રહે છે. આવો સંકલ્પ લીધા પછી પૂ.શ્રી પાંડુરંગ શાસ્ત્રીજીના મંત્ર %કામ કરતો જા હાંક મારતો જા, મદદ તૈયાર છેઃએ ચરિતાર્થ થાય છે. અને આવી મદદના સંકલ્પને કોઈ કવિ આવી રીતે પ્રોત્સાહિત કરે છે..

कदम कदम पर सितारे उतर के आयेंगे, तेरे नसीबमें तारे उतर के आयेंगे
सहारा बन के निकल घरसे बेसहारों का, तेरी मदद में फरिश्ते उतर के आयेंगे

સંકલ્પ વિના માનવીના જીવનમાં ક્યારેય ટેક આવતી નથી અને ટેક પેદા વિના જીવનની ઉન્નતિ થતી નથી. માણસ પ્રથમ સંકલ્પ કરે છે પછી સંકલ્પ માણસનું જીવન ઘડે છે. સારું કામ કરવા માટે ધન કરતાં પણ વધુ સરળ હૃદય અને સંકલ્પની જ જરૂર છે. મહાન સંકલ્પ જ મહાન કાર્યોના જનક હોય છે. 'જેટલો સંકલ્પ ઉચ્ચ એટલું જ જીવન ઉચ્ચઃ. આ જગતમાં બધું આપણા સંકલ્પ દ્વારા જ નાનું મોટું બને છે. મહાપુરૂષોમાં સંકલ્પ હોય છે, સાધારણ લોકોમાં ઈચ્છાઓ. સંકલ્પ વિનાનું જીવન પાયા વગરના જહાજ જેવું છે, જાણે કે કાગળના જહાજ જેવું ! સંકલ્પ એ સંકલ્પકર્તા માટે દીવાદાંડીનું કામ કરે છે, જે તેને બતાવે છે કે હજી તે લક્ષ્યથી કેટલે દૂર છે અને ત્યાં કેવી રીતે પહોંચવું .

આજના યુગમાં બધા જ જાણે છે, સ્થુળતાના ક્યા ક્યા ગેરલાભ છે ? બ્લડ પ્રેશર, હાર્ટ એટેક, ડિપ્રેશન, પગ અને ગોઠણના દુખાવા, કમરનો દુખાવો જેવી નાની મોટી બીમારીઓનો ભોગ બનીએ છીએ. આનાથી વિરુધ્ધ જે લોકો દ્રઢ સંકલ્પશક્તિ ધરાવે છે તેઓ ખાવા પીવામાં કંટ્રોલ કરી શકે છે. એવા લોકો કસરત કરવામાં કે મહેનત કરવામાંય પાછા પડતા નથી, પરિણામે તેઓ જીવનને વધુ સારી રીતે માણી શકે છે. થોડા સમય અગાઉ અમેરિકન સાયકોલોજીસ્ટ એસોસિએશને એક સર્વેક્ષણ હાથ ધર્યું હતું. જેમાં એ પણ પૂછવામાં આવ્યું કે તમારી કુટેવોને છોડી તંદુરસ્ત જીવનપધ્ધતિ માટે તમે કેવા પરિવર્તન કરશો. એ આખા સર્વેનો નિચોડ હતો. લોકો એવું માનતા હતા કે એમનામાં સંકલ્પશક્તિનો અભાવ છે, જેથી તેઓ જીવનમાં કોઈ પરિવર્તન કરી શક્યા ન હતા તો ઘણા લોકોએ અધુરી સંકલ્પશક્તિને પોતાની પસંદગીના જીવન માટે આળસ ગણાવી હતી. તંદુરસ્ત જીવન માટે યોગ વગેરેનો સંકલ્પ આશીર્વાદ સમાન બની શકે. જો એ શક્ય ન હોય તો સવારે મોર્નિંગ વોક્નો સંકલ્પ પણ કરવો રહ્યો, જે જીવનને નીરોગી, નિરામય બનાવી ઉત્સાહ સભર બનાવશે. આપણે સતત બૂરખો ઓઢીને જીવ્યા છીએ. કેટલાય સંકલ્પોના બાળ મરણ નીપજાવ્યા છે, હજી પણ મોડું નથી થયું, સર્જનહારના આ 'સંકલ્પ' અંક પછી ચાલો આપણે ફરી ઉચ્ચ, દ્રઢ સંકલ્પ કરી જીવનને એક નવી દિશા, નવી ઊંચાઈ અપાવીએ.

❖❖❖

# શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા–મુંબઈ

રજિસ્ટર્ડ ઑફિસ : ૩૦૧, બે વ્યુ (ઈસ્ટ), ત્રીજે માળે, ૪૭, ડૉ. એમ.બી. વેલકર સ્ટ્રીટ, (કોલભાટ લેન) ચીરાબજાર, મુંબઈ - ૪૦૦ ૦૦૨.

## સામાન્ય સભાની નોટિસ

**તા. ૦૫-૦૧-૨૦૨૪**

શ્રીમાન/શ્રીમતી

ઉપરોક્ત સંસ્થાની સામાન્ય સભા તા. ૧૦-૦૨-૨૦૨૪, શનિવાર બપોરે ૩.૩૦ કલાકે નીચેના સ્થળે મળશે, તો સંસ્થાના સભ્યોને સમયસર પધારવા વિનંતી.

### કામકાજ

(૧) તા. ૧૨-૦૩-૨૦૨૨ ની સામાન્ય સભાની મિટિંગની મિનિટ્સને મંજૂરી આપવા.

(૨) તા. ૧-૦૪-૨૦૨૧ થી તા. ૩૧-૦૩-૨૦૨૨ , તા. ૧-૦૪-૨૦૨૨ થી ૩૧-૦૩-૨૦૨૩, સુધીના ઑડિટ થયેલાં હિસાબ મંજૂર કરવા.

(૩) સને : ૨૦૨૩-૨૦૨૪ના હિસાબી વર્ષ માટે ઑડિટરની નિમણૂક કરવા તથા તેમનું ઓનેરેરિયમ નક્કી કરવા.

(૪) પ્રમુખશ્રીની રજાથી અન્ય જે રજૂ થાય તે.

**સ્થળ :** શ્રીમતી સમતાબાઈ સભાગૃહ,
**શ્રી અમુલખ અમીચંદ ભીમજી વિવિધલક્ષી વિદ્યાલય,**
૭૬-એ, રફી અહમદ કીડવાઈ રોડ, કિંગ્સ સર્કલ, મુંબઈ - ૪૦૦૦૧૯.

**મનિષાબેન એમ. શાહ**
ટ્રસ્ટીશ્રી -માનદ્ મંત્રીશ્રી
**અતુલભાઈ એ. શાહ**
**અનિલભાઈ એચ. સંઘવી**
માનદ્ મંત્રીશ્રી

**મુકેશભાઈ આર. શાહ**
**નિરવભાઈ પી. દોશી**
માનદ્ સહમંત્રી

**હેમંતભાઈ પી. શાહ**
માનદ્ ખજાનચી
**બીનાબેન એ. સંઘવી**
માનદ્ સહખજાનચી

તા. ક. :

- મિટિંગના સમય વખતે કોરમ નહિ હોય તો અર્ધા કલાક પછી તે જ મિટિંગ તે જ સ્થળે મળશે અને એજન્ડા મુજબનું કામકાજ કરશે.
- આ જનરલ મિટિંગનો સર્ક્યુલર છે. ઝાલાવાડી સભાના તમામ મેમ્બર ભાઈ-બહેનોને પધારવા આમંત્રણ છે.
- પોસ્ટના કાનૂની નિયમ મુજબ હિસાબ પત્રિકા સાથે મોકલી શકાતો નથી તેથી હિસાબની કોપી મોકલાવેલ નથી.
- સભાના ઑડિટેડ હિસાબની કોપી સંસ્થાના કાર્યાલયેથી સંસ્થાના સભ્યોએ લેખિત જણાવવાથી તેમને તા. ૧-૨-૨૦૨૪ થી ૫-૨-૨૦૨૪ સુધી બપોરે ૧૨-૦૦ થી સાંજે ૫-૦૦ કલાક સુધીમાં મળી શકશે તેની નોંધ લેવા વિનંતી. (રવિવાર તથા રજાના દિવસ સિવાય)
- સભાના ઑડિટેડ હિસાબ તથા અન્ય પ્રશ્નોના સવાલ બાબત સભ્યોને કોઈપણ ખુલાસો જોઈતો હોય તો તા. ૭-૨-૨૦૨૪ બપોરે ૧૨-૦૦ થી સાંજે ૪-૦૦ કલાક સુધીમાં કાર્યાલયે લેખિત મોકલી આપવા વિનંતી.

# થાક



**કમલેશ જોષી**

મારા જિજ્ઞાસુ ભાણીયાએ લેસન કરતા કરતા 'થાકી ગયો' ફરિયાદ કરી. બદલામાં એની મમ્મીએ કહ્યું ''લેસન કરવામાં થાકી જાય છે, ક્રિકેટ રમવામાં કેમ નથી થાકી જતો ?' મનેય વાત વિચારવા જેવી લાગી. જવાબ ભાણીયાએ જ આપ્યો, 'લેસન કરવું મને નથી ગમતું, જયારે ક્રિકેટ તો મારી ફેવરીટ ગેમ છે એટલે તમે કહો તો હું બે કલાક નહીં, આઠ કલાક પણ ક્રિકેટ રમી શકું.'' સીધો સાદો મંત્ર. સામાન્ય રીતે કોઈ કાર્યમાં લાગેલી આપણી એનર્જી લૉ લેવલે પહોંચે ત્યારે આપણા તન-મનને જે અહેસાસ થાય એને થાક કહેવાય. પરંતુ ગમતી ઍક્ટિવીટી કરતી વખતે પેલી એનર્જી તેના નિયમ વિરુદ્ધ વર્તન કરતી હશે ? લૉ લેવલે પહોંચવાને બદલે હાઈ લેવલે જતી હશે ? ઘટવાને બદલે વધતી હશે ?

મારા ભાણીયાએ મને પકડ્યો. મેં કહ્યું, ''સમજ, આપણી એનર્જી એટલે એક પ્રકારનું પેટ્રોલ. ગાડીમાં પેટ્રોલ ખાલી થાય એટલે ગાડી ઉભી રહી જાય, એમ આપણામાં એનર્જી ખાલી થાય એટલે આપણે ઉભા રહી જઈએ. થાકી જઈએ.'' એ તરત બોલ્યો, ''પણ લેસન કરવામાં કેમ હું વહેલો થાકી જાઉં છું અને ક્રિકેટમાં નહીં ?'' મેં કહ્યું, ''ગાડીને પણ ઢાળ ચઢવામાં વધુ પેટ્રોલ જોઈએ અને ઢાળ ઉતરવામાં ઓછું. એમ તારા માટે ક્રિકેટ રમવું એ ઢાળ ઉતરવા જેવું અને લેસન કરવું એ ઢાળ ચઢવા જેવું કામ છે એટલે.''

કેટલાક સંબંધો સાચવવામાં આપણે થાકી જઈએ છીએ. કેટલાક પ્રસંગો પાર પાડવામાં આપણે ખલાસ થઈ જઈએ છીએ. કેટલાક વ્યક્તિઓને સંભાળવામાં આપણે અધમૂઆ થઈ જઈએ છીએ. જીવનમાં આવા કપરા ચઢાણ ચઢતી વખતે જે થાકનો અનુભવ થાય છે, એ અસહ્ય હોય છે. મનગમતી વ્યક્તિ ઉતરતા ઢાળ જેવી હોય છે. એની સાથે વીતાવેલી સાંજ આખી જિંદગી એનર્જી આપતી હોય છે. મનગમતી જગ્યાએ કલાકો સુધી બેસી રહીએ તોયે થાક લાગતો નથી. એક મિત્ર ખૂબ પૈસા કમાયો, પણ એના ચહેરા પર સતત ગંભીરતા, અણગમો અને ખીજ આખી જિંદગી રહી. એક સ્પોર્ટ્સમેન મિત્ર બહુ સફળ તો ન થયો પણ એના ચહેરા પર ફ્રેશનેસ, ચમક અને આનંદ હંમેશા રમતા રહ્યા.

કેટલાક શબ્દો જ તમારો થાક ઉતારી દે એવા હોય છે. એક સાસુ-સસરાએ પોતાના પુત્ર અને વહુને કહ્યું, ''આટલી બધી મુશ્કેલી છતાં તમે બન્ને ખૂબ સમજદારીથી જીવો છો. ખરેખર તમારા બંને માટે અમે ખૂબ ગૌરવ અનુભવીએ છીએ.'' ત્યારે પતિ-પત્ની બંનેની ભીતરે અનેરો શક્તિસંચાર થયો. એક પુત્રએ માતા-પિતાને કહ્યું,''મમ્મી, પપ્પા, આઈ લવ યુ. તમે બંનેએ મને ખૂબ સરસ રીતે ઉછેર્યો, આવા સરસ સંસ્કાર આપ્યા, સમજણ આપી, શક્તિ આપી, એ બદલ થેંક્યુ વેરી મચ.'' ત્યારે વૃદ્ધ માતાપિતાની થાકી ગયેલી આંખોમાં અનોખી ચમક આવી ગઈ. એક બોસે એના કર્મચારીઓને કહ્યું ''કંપની તમને પગાર આપે છે એના કરતા તમે કંપનીને ઘણું વધુ આપો છો. આ કંપની અત્યારે જે કાંઈ છે, એ માટે જેટલો યશ મેનેજમેન્ટને આપીએ એટલા જ યશભાગી તમે સૌ પણ છો.'' ત્યારે કમર્ચારીઓની છાતી ગજ ગજ ફૂલવા માંડી. મૌન જેમ એક શક્તિશાળી શસ્ત્ર છે એમ શબ્દો પણ બહુ તાકાતવાન અને મૂલ્યવાન હોય છે. આપણે નક્કી કરુવાનું છે કે આપણે કેવા શબ્દો બોલવા, કોઈને થકવી દે એવા કે કોઈનો થાક ઉતારે એવા.

આપણી પોતાની કેટલીક શરતો હોય છે: માન્યતા, સ્ટાઈલ અને ચોઈસ હોય છે. આ બધા ભેગા મળીને આપણી જિંદગીનો એક મનપસંદ રોડમેપ બને છે. જ્યાં સુધી આ રોડમેપ મુજબ જિંદગી જીવાય છે ત્યાં સુધી થાકનો અનુભવ થતો નથી. જેવા આપણે રસ્તો બદલીએ, કોમ્પ્રોમાઈઝ કરીએ કે ગોટે ચઢીએ છીએ કે તરત જ થાક લાગવો શરુ થઈ જાય છે. કાયદેસર રજા હોવા છતાં અને કોઈએ કહ્યું ન હોય એમ છતાં ઓફિસે જવાની જો તમને ઝંખના જાગે તો તમે સાચા રસ્તે છો. કશું જ દુ:ખ ન હોવા છતાં, અને કશું જ માંગવાનું ન હોવા છતાં મંદિરે પ્રભુ દર્શન કરવાની, એકાદ સુંદર ભજન ગાવાની તમને તાલાવેલી લાગે તો તમે સાચા ભક્ત છો. આવો વ્યક્તિ થાકે નહિ એની ચિંતા ખુદ કૃષ્ણ કનૈયો કરતો હોય છે.

મંદિરમાં મૂર્તિ સ્વરૂપે બિરાજમાન કનૈયો પણ ક્યારેક થાક અનુભવતો હશે. આખા ગામને મૂર્ખ બનાવી, છેતરીને, લુંટીને કોઈ વ્યક્તિ જયારે મંદિરના પગથિયાં ચઢતો હશે ત્યારથી જ કાનુડાને કંટાળો ચઢવાનો શરુ થઈ જતો હશે. જયારે કોઈ ગરીબના આંસુ લૂછીને, કોઈ તરસ્યાને જળ પીવડાવીને, કોઈ ભૂખ્યાને ભોજન જમાડીને, કાનુડાની સન્મુખ કોઈ સાધારણ છગન-મગન પણ જઈને ઉભો રહેતો હશે ત્યારે કાનુડાની રગેરગમાં એનર્જીનો સંચાર થતો હશે.

તમારી હાજરીની, શબ્દોની, વિચારોની, હાવભાવની તમારી આસપાસના લોકો પર શી અસર થાય છે ? એ લોકો તમને માણે છે કે સહન કરે છે ? એના પરથી નક્કી થાય કે તમે જિંદગી સાચી રીતે જીવ્યા કે કોમ્પ્રોમાઈઝ કર્યું ? જો જિંદગીનો થાક લાગતો હોય તો સમજી લેજો કે એકાદ ખોટો વળાંક આવી ગયો છે. એક વાર કાનુડાને યાદ કરી, હિમ્મત કરી ફરી સાચો વળાંક લેવામાં મોડું ન કરતા. કાનુડો સાચા રસ્તે જનારની મદદ કરવા હંમેશા વાંસળી વગાડતો અને ખોટા રસ્તે જનાર માટે સુદર્શનચક્ર લઈને ઉભો જ છે.

બસ, શરૂઆત પરિવારજનોનો થાક ઉતરી જાય એવી કરો.. એટલે ભયો ભયો.

# ચંદન

❖ ગિરીશ ગણાત્રા

રીટાનું સંજય જોડે સગપણ કરવાનું નક્કી થયું ત્યારે પોતાની સહેલીના ભાવિ ભરથારનો ફોટો જોતાંજોતાં એની બહેનપણીઓએ પૂછ્યું- અલી, તારો વર તો ફિલ્મ એક્ટર જેવો ચીકનોચીકનો છે પણ ઘર કેવું છે? ઘર જોયું?

શરમાતાં શરમાતાં રીટાએ કહ્યું -

'ઘર પણ વર જેવું ચીકનુંચીકનું છે. સગાઈનું નક્કી કરતાં પહેલા એ લોકોએ અમને ચા-પાણી પર નોતર્યાં હતાં ત્યારે મમ્મી-પપ્પા જોડે ગયેલી. એ વખતે સંજયે મને ફરીફરીને એનું ઘર બતાવેલું.'

'કેવું છે?'

'ઘર ખાસ્સું મોટું છે. બધા ભાઈઓ સાથે રહે છે એટલે...'

'કેટલા દેરિયા-જેઠિયા છે?'

'દેર એકેય નથી. ત્રણેય ભાઈઓ એનાં મધર-ફાધર જોડે સાથે જ રહે છે.'

'નણંદ?'

'ત્રણ. બે પરણીને સાસરે ગઈ છે, એક બારમાં ધોરણમાં અભ્યાસ કરે છે.'

'અરે વાહ! તું તો બહોળા કુટુંબમાં જાય છે; ત્યારે તો મજા ને મજા. રસોઈની કે ઘરકામની બહુ માથાકૂટ નહિ. કોઈ કંઈ પૂછે તો સાસુ-સસરા કે જેઠ-જેઠાણી સામે આંગળી ચીંધી દેવાની!'

'અરે શું મજા?' રીટાએ થોડો નારાજગીનો સૂર વ્યક્ત કરતાં કહ્યું, 'સ્વતંત્રતા તો નહિ ને? એમાંય એ ઘરમાં હું નાની વહુ. અત્યારથી જ ત્યાંના બધા મને મારા નામને બદલે 'નાની વહુ' 'નાની વહુ' કહી બોલાવતા થઈ ગયા છે.'

'ઘર મોટું છે ને?' એક સહેલીએ પ્રશ્ન કર્યો.

'ખાસ્સું મોટું. નીચે એક મોટો ડ્રોઈંગ રૂમ, પૂજાનો રૂમ, બે બેડરૂમ ને ઉપરના બે માળે પણ એટલા બધા રૂમ.'

'તારો પોતાનો સ્વતંત્ર બેડરૂમ હશે ને?'

'હા. પહેલે મજલે ટેરેસ સાથેનો બેડરૂમ છે.'



'ત્યારે વળી શું! ભરાઈ રહેવાનું બેડરૂમમાં. ત્રણ ત્રણ સોના-ચાંદીની દુકાન ધરાવનાર તારા સસરાને ત્યાં નોકર-ચાકરની ફોજ હશે ને! એ બધામાં રાજરાણીની જેમ મહાલવાનું.'

'ખબર નથી કે રાજરાણીની જેમ મહાલીશ કે પછી આવડા મોટા કુટુંબની દાસી થઈને રહીશ....એની હાવ, લગ્ન પછી સંજય મારી સાથે હશે ને! એને વળી ચાવી ચડાવીશ તો જુદા ફ્લૅટમાં રહેવા જઈશું. એની દુકાન પણ એના નામની સ્વતંત્ર જ છે.'

પણ રીટાને ખબર નહોતી કે સસરા જનકરાયે શા માટે ત્રણેય દીકરાઓને ત્રણ જુદીજુદી દુકાનો ચલાવવા આપી દીધી હતી! વારસામાં મળેલો બાપ-દાદાનો ઝવેરાતનો ધંધો એ ગળથૂથીમાંથી જ પચાવી ગયેલા. ખુદ જનકરાયના પિતા અમૃતલાલ પણ ઘરમાં સૌને કહેતા કે આ છોકરાને ધંધાની સારી સમજ છે. જનકરાયના કાકા શરદભાઈ પણ ધંધાની આંટીઘૂંટીમાં ભત્રીજાના શબ્દને માન આપતા.

રીટા-સંજયની સગાઈવિધિ જે બંગલામાં થઈ એ બંગલો સાત-આઠ વર્ષ પહેલાં બંધાવેલો કે જ્યારે ધંધામાં સારી એવી બરકત હતી. આ બંગલામાં રહેવા આવ્યા તે પહેલાં જ બજારમાં એમના પરિવારની ત્રણ દુકાનો હતી. એ જૂના મકાનમાં જ રહેતા. એ જૂના મકાનમાં આગલા ભાગમાં મહેમાનોને બેસાડવા જે ઓરડો હતો એના એક ભાગમાં કારીગરો દ્વારા સોના-ચાંદીના દાગીના ઘડાતા. પાછલા ચોકમાં ભઠ્ઠા જેવું કરેલું જ્યાં તેજાબ જેવાં રસાયણો રખાતાં. ધંધામાં કમાયા પછી આ જૂના મકાનમાં ફેરફાર કરાવી, સળંગ એક જ લાઈનમાં ઊંડીઊંડી દુકાનો ઉતારી. પાછલા ભાગમાં રજવાડામાંથી આવતા સોના-ચાંદીના દાગીના ભંગાતા, એને નવેસરથી ઘડાતા અને દુકાનના શો રૂમમાં મુકાતા. સોનાના મુક્ત વેચાણમાં અને સરકારી નિયમો બદલાતા જનકરાયે ત્રણેય સંતાનોને નામે ત્રણ દુકાનો કરી દીધી પણ એ ચોપડા ચીતરવા ખાતર જ, બાકી બધો વહીવટ એક જ હતો.

સગાઈવિધિ પછી જનકરાય-મુક્તાબહેને પુત્રને સૂચના કરેલી-વહુને આપણું જૂનું ઘર અને દુકાન બતાવવા લઈ જજે. રીટાને જોકે સમજણ ન પડી કે જૂના ઘરમાં જોવાં જેવું શું હશે તે એ બતાવવાનું

કહે છે. ત્રણેય દુકાનો તો એણે જોઈ જ હતી. સગાઈવિધિ માટે આંગળીના વેઢા અને બંને હાથની કલાઈનો ગાળો લેવરાવવા ગયેલી ત્યારે એ ક્યાં નહોતી જોઈ!

પિતાના હુકમનું સંજયે તરત જ પાલન કર્યું. જમવાનું તૈયાર થાય તે પહેલાં વાગ્દત્તાને કારમાં બેસાડી દુકાનોની અડોઅડ આવેલા પાછળના જૂના ઘરમાં લઈ આવ્યો.

રીટાએ મજાક કરી :

'આ કોઈ દેવમંદિર છે કે બાપુજીના બોલતા જ તમે દોડીને મને અહીં લઈ આવ્યા?'

'અમારે ત્યાં વડીલોની આજ્ઞાનું પાલન કરવાનો રિવાજ છે.'

'પણ બાપુજીએ એવો કંઈ હુકમ નહિ કરેલો. માત્ર સૂચન જ કરેલું.'

'છેલ્લાં વીસ વર્ષથી એ સૂચનો જ કરે છે જેને અમે આજ્ઞા માનીએ છીએ.'

'આટલા મોટા થયા પછીય પણ?'

સંજયે હસીને કહ્યું-

'હું ભલે ઉંમરલાયક હોઉં પણ બાપુજી વડીલ છે. આ ઘરમાં વડીલોની ઈચ્છાને માન અપાય છે. તું પરણીને આ ઘરની કુળવધૂ બનશે ત્યારે તને બધું સમજાઈ જશે.'

નાનકડા પરિવારમાં ઉછરેલી રીટાને સંયુક્ત પરિવારની રહેણીકરણીનો જરાય અનુભવ નહોતો. માતા-પિતા અને એક નાના ભાઈ સહિત બનેલા ચાર વ્યક્તિઓના પરિવારમાં ધન વર્ચસ્વ ભોગવતું. માતા-પિતા બંને કમાતાં હોવાથી કુટુંબનું સુખ લક્ષ્મીના ત્રાજવે તોળાતું. પ્રત્યેક પળે સવલતની અપેક્ષા અહીં વર્તાતી રહેતી.

સંજય સાથે પરણીને રીટા બીજા જ દિવસે હનીમૂન પર ઊપડી ગઈ. એક રાતના રહેવાસમાં એને આ સંયુક્ત કુટુંબનો પૂરેપૂરા તો નહિ પણ થોડો અહેસાસ આવી ગયો. કારની ડિકીમાં બૅગો ગોઠવાઈ અને આગલી સીટ પર હેન્ડબૅગો મુકાઈ ત્યારે પરિવારનો દરેક સભ્ય કાર ફરતો વીંટળાઈ ગયો. સાવચેતી, સાવધાનીનાં સૂચનો અને શુભેચ્છાઓ સહિત એણે વિદાય લીધી. બાર દિવસ પછી એ પાછી આવી ત્યારે એને સત્કારવા ઘરના તમામ સભ્યો હાજર હતા. બીજા દિવસથી એના પરિણીત જીવનનો આરંભ થયો.

વહેલી સવારમાં પૂજાથી પરવારી સાસુ મુક્તાબહેન ડાઈનિંગ ટેબલ પર શાક સમારતાં હતાં અને એની બંને જેઠાણીઓ રસોડામાં રસોઈ-નાસ્તાની તૈયારીઓ કરતી હતી. એની નણંદ હેતલ મોટા બાઈનાં બાળકોને બ્રશ, દૂધ-નાસ્તો અને લેસન કરાવવાનાં કાર્યોમાં ગૂંથાયેલી હતી. મોટા જેઠ બગીચાનાં ફૂલ-છોડને પાણી પાતા હતા તો નાના જેઠ કમલભાઈ પિતાના સ્નાન માટે ગરમ પાણી કાઢતા હતા.

રીટા નીચે આવી ત્યારે સાસુએ ભગવદ્સ્મરણ સાથે એનું અભિવાદન કરી એની સામે ચા-નાસ્તો ધરતાં બોલ્યાં-

'રીટા, આજથી ઘરની સાફસફાઈનું કામ તમારે માથે. હમણાં આપણો નોકર ભગુભાઈ એની વહુ સાથે આવશે. દરેક ઓરડામાં ઝાડું પોતું, કચરા, ધૂળની સફાઈ કરાવી બધું વ્યવસ્થિત ગોઠવાવી દેજો. નાના છોકરાઓનાં રમકડાં, રમતનાં સાધનો, ચોપડાઓ આડાઅવળા પડ્યા હોય તો પૂછીપૂછીને ગોઠવી દેજો.'

રીટાને નવાઈ લાગી. નોકર હોવા છતાં માથે દેખરેખ રાખી ફરતા રહેવાનું? એણે સંજયને સવાલ કર્યો પણ પતિએ હસીને કહ્યું-

'આ ઘરની રીતરસમ જોતી રહેજે. અઠવાડિયા-દસ દિવસમાં બધું શીખી જશે.' આ અઠવાડિયા-દસ દિવસમાં રીટાએ જોયું કે ઘરમાં સમૃદ્ધિની છાકમછોળ છે છતાંય સત્તર-અઢાર વ્યક્તિનાં કુટુંબમાં રસોઈ કરવા માટે મહારાજ પણ નથી રાખ્યો. એક નોકરદંપતી છે જે ઘરનાં ઠામ-વાસણ, ઝાડુ-પોતું કરે છે. વૉશિંગ મશીન છે છતાંય બહાર પહેરવા માટેનાં કપડાંને ઘરની સ્ત્રી વર્ગે જાતે ચોળી વૉશિંગ મશનમાં નાખવા પડે છે. સુકાયેલાં ગાંસડો એક કપડાંની જાતે ઘડી કરીને સૌ સૌના કબાટમાં ગોઠવવાના રહે એ તે વળી કેવું? રાત પડે એટલે સૌએ પોતપોતાના દિનભરના ખર્ચાઓ સાસુ પાસે લખાવવાના રહે, રાત્રે આઠ પછી ઘરની બહાર જવું હોય તો ઘરમાં પૂછવું પડે, મોડા આવવા માટે રજા જ નહિ. સાડા આઠ કે નવ વાગે બધાએ જમવાના ટેબલ પર અચૂક હાજર રહેવું પડે, અઠવાડિયે એક વખત સૌએ સાથે જૂના ઘેર જવાનું, એની સાફસૂફી કરાવવાની, ઈસ્ત્રીમાંથી આવેલાં કપડાં ગણીને લેવાના, ડાયરીમાં નોંધ કરી આપવાના, છાપાવાળાનો હિસાબ કરી પૈસા ચૂકવવા, ડાયરીમાં નોંધ કરવાની-રીટાને આ બધું વિચિત્ર લાગતું. જ્યારે જ્યારે એ સંજયને આ બધું કહેતી ત્યારે સંજય હસીને કહેતો કે શરૂશરૂમાં તને આ બધું નવુંનવું લાગશે પણ પછી તું ટેવાઈ જશે. આટલાં વર્ષોથી અમે ટેવાઈ ગયાં છીએ ને!

રાત્રે તો ઘરમાં ડાયરો જામતો. જમીને બધા દીવાનખંડમાં ભેગા થાય. છોકરાઓ વડીલોના ખોળામાં માથું નાખીને આડા પડે એ તો ઠીક પણ એનો વર સંજય મોટી જેઠાણીના ખોળામાં માથું ટેકવીને લંબાવે એ રીટાને ગમતું નહિ. રીટાએ ખાનગીમાં એનો વાંધો લીધો તો સંજય કહે, એમાં શું થઈ ગયું? મારે તો ત્રણ મા છે. એમાં બે ભાભીઓ આવી જાય.

'પણ તમે કોઈને કોઈના ખોળામાં માથું ટેકવીને સૂવા માટે છોકરાઓ જોડે ઝઘડો તે

વળી કેવું ? ગઈકાલે તમે પલ્લવી ભાભીના ખોળામાં માથું મૂકવા રાધી જોડે ઝઘડેલા.'

'એ તો અમારા કાકા-ભત્રીજી વચ્ચેનો મીઠો ઝઘડો છે, છેવટે રાધી હેતલના ખોળામાં જ માથું મૂકીને સૂતી ને !'

'પણ આવા બધા જંગલીવેડા શું કામ કરવાના ? ડ્રોઈંગરૂમમાં આટલા બધા સોફાસેટ દીવાન ખંડમાં હો છતાંય નીચે લંબાવીને સૂવાની આદત તે વળી કેવી ?'

'તું સંયુક્ત કુટુંબમાં રહી નથી ને એટલે તને આવું બધું એટીકેટ વિનાનું લાગે છે પણ અમારાં આ બધાં નાનાંનાનાં સુખો છે. બાના ખોળામાં સૂવા માટે હું મોટા ભાઈઓ જોડે ઝઘડું એમાં અમારો આનંદ વધે છે. ભત્રીજા-ભત્રીજીઓને ઘરમાં ત્રણત્રણ મા છે. હવે એમાં તું ચોથી થઈ. તે દિવસે હેતલે કેટલા પ્રેમથી કહ્યું હતું કે હું તો નાની ભાભીના ખભે માથું ટેકવીને ટી.વી. જોવાની પણ તેં એને હડસેલી દીધી....રીટા, તેં એક વાતની નોંધ લીધી ?'

'કઈ ?'

'કે અમે બધા ભાઈઓ કે બાપુજી ઘેર ક્યારેય ધંધાની વાત કરતા નથી.'

'એમ ?'

'હા, બાનો હુકમ છે કે ધંધાની વાતો દુકાનના વળગિણયે લટકાવીને ઘરમાં પ્રવેશ કરવાનો. ધંધાની વાતો ધંધાના સ્થળે, ઘરની વાતો ઘરમાં. બસ, આ નિયમ અમે પાળતાં આવ્યા છીએ તો અમને એકબીજાના જીવનમાંથી શીખવાનું મળે છે.'

રીટાના પિયરમાં એનાં માતા-પિતા છૂટથી બિઝનેસની, શેરની, પૈસાની વાત કરતાં, ચર્ચા કરતાં, ફોન પર વાતો કરતાં પણ અહીં તો એની જરા પણ વાતચીત થતી નહિ એટલે ઘરમાં પૈસા કઈ રીતે આવે છે, કોણ કેટલો દુકાનમાંથી ઉપાડ કરે છે, ઘરખર્ચમાં ક્યા ભાઈનો કેટલો હિસ્સો છે એ રીટા જાણી શકી નહિ. આ ઘરખર્ચની વાત તો ઠીક પણ દુકાનમાં કોની કેટલી ભાગીદારી છે એ પણ જાણી શકાતું નહિ. એક રાત્રે સંજયને આ વાત પૂછી તો એણે હસતાહસતા ઘરનો પેલો નિયમ આગળ ધર્યો-ધંધાની વાત ઘરમાં નહિ, એ પછી એના પિયરે સંજયને જમવાનું નિમંત્રણ મળ્યું ત્યારે રીટાએ હસતાંહસતાં કહ્યું-

'તમારા ઘરમાં તમે ભલે ધંધાની વાત ન કરો પણ મારા ઘરમાં તો કહી શકાય ને કે દુકાનમાં તમારી ભાગીદારી કેટલી છે ?'

સંજયે હસતાંહસતાં જવાબ આપ્યો -

'આ ઘર હવે તારું નથી. આપણું જ ઘર તારું છે. એ ઘરમાં નાનકડા ભત્રીજાઓ પૂજન-દર્શનનો પણ ભાગ છે. એમ તારે સમજવાનું. હવે દુકાનની ભાગીદારી જાણવામાં તને રસ છે તો તને કહી દઉં- અમારી ત્રણેય ભાઈઓની દુકાન અમારા પોતાના નામે છે. એમાં કોઈનીય ભાગીદારી નથી. ખુદ બા-બાપુજીની પણ ક્યાંય ભાગીદારી નથી...'

'તો તમારા નામની દુકાનમાં થતો નફો તમારો જ છે ?'

'દેખીતી વાત છે પણ ત્રણેય દુકાનની આવક, ખોટ, નફો બધું બાપુજીની સલાહ પ્રમાણે છે. અમારું કુટુંબ એચ.યુ.એફ. છે એના કર્તા બાપુજી છે. અમારે બાપુજી કહે એમ કરવાનું....'

'અને બાપુજી નહિ હોય ત્યારે ?'

'ત્યારે મોટા ભાઈ જયેશભાઈ એના કર્તા. એ નહિ હોય ત્યારે કમલભાઈનો વહીવટ.'

'તમારા હાથમાં ક્યારે વહીવટ આવશે ?'

'અમારું ઘર રજવાડું છે. ગાદીના વારસનો જ્યારે ક્રમ આવે ત્યારે એ લેવાનો પણ એ ટ્રસ્ટી તરીકે જ. કુટુંબના દરેકેદરેક સભ્યનું હિત જોવાની કર્તાની ફરજ. એમાં અન્યાય શબ્દને સ્થાન નથી. બોલ, હવે તારે વધું જાણવું છે ?'

'મારે તો એટલું જાણવું છે કે તમે તમારી આવકમાંથી ક્યારેય તમારા પોતાના નામનો એટલે કે આપણા નામનો ફ્લેટ ક્યારે ખરીદી શકો !'

સંજયે એ વખતે કશો જવાબ આપ્યો નહિ પણ એક વખત એના સાસુ મુક્તાબહેન એને જૂના ઘરમાં લઈ ગયાં. નોકર પાસે ઘરની સાફસૂફી કરાવતાં એને વાતવાતમાં કહ્યું -

'વહુ, જ્યારે અમે સૌ આ જૂના ઘરમાં રહેતાં ત્યારે બેઠકરૂમ જ આપણી એક માત્ર દુકાન હતી. એ પહેલાં આ ઘરમાં પેલા ઓરડામાં હું અને તારા સસરા સૂતાં. જયેશ જ્યારે પરણ્યો ત્યારે એને અને ચંદ્રિકાને સૂવા માટે રસ્તા પરનો ઓરડો આપ્યો. પછી કમલ પરણ્યો ત્યારે સંજય જે દુકાનમાં બેસે છે એ ઓરડો ઉતાર્યો અને ત્યાં એમની સૂવા-બેસવાની વ્યવસ્થા કરી. બાકી રહ્યા તે આ ઓશરી, વચલું ફળિયું અને ઉપરની અગાસી.'

'આટલી નાનકડી જગામાં તમે બધાં સાથે રહેતાં ?' રીટાએ આશ્ચર્યથી પૂછયું.

'અમને ક્યારેય આ જગા સાંકડી નથી લાગી. મહેમાન-સહેમાન હોય કે લગ્નપ્રસંગ હોય, બધું અહીં ઊકલી જતું. યાદ છે તને, સગાઈવિધિ પછી તારા સસરાએ તને અને સંજયને આ જૂનું ઘર જોવા મોકલ્યાં હતાં ?'

'હા.'

'એ એટલા માટે કે લક્ષ્મી આજે છે અને કાલે નથી. કાલે લક્ષ્મીજી ચાલ્યા જાય, ગાડી-બંગલો વેચી દેવો પડે તો આ છાપરાને નજરમાં રાખવાનું. અહીં આવી પાછા ગોઠવાઈ જવાનું. સંપત્તિ હોય ત્યારે

કે ન હોય ત્યારે ઘરમાંથી સુખ-શાંતિ જવાં જોઈએ નહિ. સંપત્તિ આપણી ગુલામ છે, માલિક નહિ. એ હોય ત્યારે એને આપણે ચાકર ગણી વાપરવાની...'

'એ સંપત્તિ છતાં અત્યારે પણ આપણા ઘરમાં ચાકર ક્યાં છે ? ઘણાં કામો તો છતે નોકરે જાતે કરવાં પડે છે.' રીટાએ સાસુના તત્ત્વજ્ઞાનને ટોણો માર્યો.

'સમજી ગઈ, વહુ સમજી ગઈ કે ઘરનાં ઘણાં કામ તમારે જાતે કરવાં પડે છે પણ નોકરોને આપણે આપણા મદદગાર સમજવા જોઈએ. એને આપણા તન-મનના માલિક બનાવાય નહિ.'

'હું સમજી નહિ.'

'સમજાવું, વહું સમજાવું. તમારે જાતે રસોઈ કરવી પડે છે, સાફ સૂફી પર ધ્યાન રાખવું પડે છે. કપડાંના બટન-ટાંકા કરવા પડે છે ને એવાં બધાં કામમાં તમને વહુઓને મેં એટલા માટે પરોવી છે કે કામ વિનાના તમે બધા ફૂલીને ઢમઢોલ ન થઈ જાઓ. શરીર વળે અને ઘરકામ પણ થતું રહે. છતે નોકરે હું કમલ કમલ કે સંજયને છેક શાક-માર્કેટ સુધી ચાલતાચાલતા કેમ મોકલું છું ? આખો દહાડો દુકાનમાં બેસી શરીર પર ચરબીના પડ જામી ન જાય એટલા માટે. જયેશ સવારના ઊઠીને બંગલાના બગીચાની માવજત કરતો રહે છે. અરે, તમે બધાં સૂકાયેલાં કપડાંની ગડી કરો ત્યારે તમારી નજર પહોંચે કે કોનું કયું કપડું મેલું છે ને ક્યું ફાટ્યું છે. કુટુંબનું દરેક માણસ સરખું છે પછી તું હોય, હેતલ હોય કે રાધી-કોમલ હોય. આ ઘરમાં કમાણી કરતાં છોકરાઓ કે ભણતાં છોકરા-છોકરીઓ સરખાં છે. તું પણ એમાની એક છે. બસ, એટલું ધ્યાન રાખજો કે સંપત્તિથી છકી જવાનું નથી. એ હોય કે ન હોય પણ ઘરમાંથી સુખશાંતિ જવાં ન જોઈએ. આટલું ધ્યાન રાખશો તો જિંદગીની સફરમાં મુશ્કેલીઓ તમારી આડે આવતાં અચકાશે...જા, હવે જોઈ આવ કે નોકરે બધાં બારી-બારણાં બંધ કર્યાં છે કે નહિ ?...'

જૂના ઘરની આ મુલાકાત પછી એ જ રાત્રે રીટાએ સંજય પાસે વાત ઉખેળી-

'મારા પિયરે જ્યારે આપણે જમવા ગયાં ત્યારે મેં તમને દુકાન, ભાગ, અલગ ફ્લૅટની જે વાત કહી હતી એ તમે બાને કહી હતી ?'

'હા.'

'શું કામ ? પતિ-પત્નિ વચ્ચે ખાનગી વાત ન હોઈ શકે ?'

'આ આપણા બંને વચ્ચેની વાત નહોતી. ઘરની વાત હતી અને ઘરના કોઈ સભ્યને ક્યારેય મૂંઝવણ થતી હોય તો એ મૂંઝવણ કે પ્રશ્ન વડીલોને સોંપી દેવામાં આવે છે. તારા મનની વાત હું પામી ગયો એટલે બાને મેં કહ્યું. આ ઘરને સૌ 'સુખી મહેલ' તરીકે ગણાવે છે એની પાછળનો આદર્શ આ ઘરની રીત-રસમ છે. તમારે જિંદગીમાં સુખી થવું હોય તો ક્યારેય એકલપેટા નહિ થવાનું એ અમને ગળથૂથીમાં શિખવાડવામાં આવ્યું છે. બીજા કોઈને નહિ તો તમારા કુટુંબ માટે તમે સુખડનું લાકડું બની રહેશો તોય ઘણું છે. બોલ, તારા મનમાં કોઈ બીજી મૂંઝવણ છે ?'

રીટાએ હવે કોઈ પ્રશ્ન પૂછવાનો રહેતો નહોતો. એના પ્રશ્નનો જવાબ એને મળી ગયો હતો.

''રાત્રી ના બે વાગ્યા હતા..એક શ્રીમંત માણસને નીંદર નહોતી આવતી..પડખા ફરી..ફરી ને થાક્યો..ચા પીધી સીગારેટ પીધી..

અગાશી મા ચક્કર મારી આવ્યો પણ ક્યાંય ચેન ન પડે...આખરે થાકી ને એ માણસ નીચે આવ્યો, પાર્કીંગ મા થી કાર બહાર કાઢી અને શહેરની સડકો પર ફરવા નીકળી ગયો...ફરતા ફરતા એને એક મંદિર દેખાયું મનમા થયું ચાલ થોડી વાર આ મંદિર મા જાવ..ભગવાન પાસે બેસું..પ્રાર્થના કરુ...મને થોડી શાંતિ મળે..

એ માણસ મંદિર મા ગયો..જોયું તો ત્યાં એક બીજો માણસ ભગવાન ની મુર્તિ સામે બેઠો હતો, ઊદાસ ચહેરો... આંખો મા કરુણતા..એને જોઈ ને આ માણસ ને દયા આવી..પૂછ્યું 'કેમ ભાઈ આટલી મોડી રાત્રે..?'

પેલા એ વાત કરી..'મારી પત્ની હોસ્પિટલ મા છે સવારે જો ઑપરેશન નહીં થાય તો એ મરી જશે...અને મારી પાસે ઓપરેશન ના પૈસા નથી.'

આ શ્રીમંત માણસે ખીસ્સામાથી રુપીયા કાઢયા એ ગરીબ માણસ ને આપ્યા...અને પેલા ના ચહેરા પર ચમક આવી..

પછી આ શ્રીમંત માણસે એને પોતાનું કાર્ડ આપ્યું અને કહ્યું...'હજું પણ ગમે ત્યારે જરૂર હોય તો આમા મારો નંબર છે મને ફોન કરજો...એડ્રેસ પણ છે..રુબરુ આવી ને મળજો...સંકોચ ન રાખશો.'

પેલા ગરીબ માણસે કાર્ડ પાછુ આપ્યું...અને કહ્યું 'મારી પાસે એડ્રેસ છે...આ એડ્રેસ ની જરૂર નથી ભાઈ' અચંબો પામી ને શ્રીમંત માણસે કહ્યું..'કોનું એડ્રેસ છે..?'

પેલો ગરીબ માણસ મરક મરક હસતા બોલ્યો...

'જેણે રાત ના સાડાત્રણે તમને અહીં મોકલ્યા એમનું'..

❖❖❖

# નાયર



# ડૉ. આઈ. કે. વીજળીવાળા

'અરે નાયર! હજુ કેટલી વાર લગાડીશ? ચાય આપને!'

'અલ્યા નાયર! તને ઑમલેટનો ઑર્ડર આપ્યાને અર્ધો કલાક થયો. હું કંઈ આખો દિવસ બેસવા નવરો છું? આવી ભંગાર સર્વિસ આપે છે તેના કરતાં તો બંધ કરી દે ને!'

'નાયર! મારી એક ચાય અને એક ટોસ્ટબટર, જલદી હો!'

'અલ્યા, આપે છે કે જતો રહું?'

આ બધા અવાજો અને ઘોંઘાટ અમારી હૉસ્ટેલની કૅન્ટીનનું સવારનું વાતાવરણ બતાવે છે. નાયર એ અમારી આર. એમ. ઓ. હૉસ્ટેલ તરીકે ઓળખાતી હૉસ્ટેલની કૅન્ટિનનો માલિક હતો. નૅશનલ હાઈવે નંબર આઠ તરફ ખૂલતી પ્રથમ માળની બાલ્કનીમાં નાયરની આ કૅન્ટીન ગોઠવવામાં આવેલી હતી. ગોદરેજનો એક કબાટ હતો જેમાં નાયર તેનો બધો જ સરસામાન રાખતો. એની બાજુમાં મૂકેલા ટેબલ પર પ્રાઈમસ રાખીને એ ચા-નાસ્તો બનાવતો. અને બે ખૂબ જ વિશાળ ટેબલ્સ અમારા બધાને બેસવા માટે વપરાતાં.

નાયરની સવાર હંમેશાં આવી જ રહેતી. અમે દોઢસો ગ્રાહકો, સામે નાયર સાવ એકલો. ઑર્ડર પણ એ લે, ચાયનાસ્તો પણ એ જ બનાવે અને સર્વ પણ એણે જ કરવાનું! બધાં ધમકાવે, બૂમો પાડે, -તું- કહીને બોલાવે પણ નાયર તો એની મસ્તીમાં જ અર્ધી વાળેલી લુંગી સાથે ગીત ગણગણતો હોય કોઈ બૂમ પાડે એટલે તરત જ '...આતા હૂં સાબ!...' એવો જવાબ હાજર જ હોય! એ પછી એ ત્યાં જાય કે નહીં એ નક્કી ન કહી શકાય પણ જવાબ તો આપી જ દે! એનો બાંધો એકદમ પાતળો, દક્ષિણ ભારતીયોને મળેલા વરદાન પ્રમાણે જ કાળું શરીર, ટૂંકા, ક્યારેય ન ઓળેલા વાળ, બકરી ચરી ગઈ હોય તેવી દાઢી, ગળામાં પહેરેલો કાળો દોરો, શર્ટનું ઉપરનું એક બટન ખુલ્લું અને અર્ધી વાળેલી કાળા તેમજ ભૂરા રંગના ચોકડાવાળી લુંગી. આ બધાનો સરવાળો કરો એટલે આબેહૂબ નાયર તૈયાર! હા! એના વ્યક્તિત્વની અદ્‌ભુત વાત એક જ હતી, એ ક્યારેય ગુસ્સે ન થતો. ક્યારેય નાયરે કોઈને વડચકું ભરી લીધું હોય તેવું મને આજ સુધી યાદ નથી.

એક દિવસ સવાર સવારમાં નાયર આવ્યો. મારી પાસેથી દસ રૂપિયા માગ્યા. પૂછ્યું તો કહે કે શક્કર ઔર ચાય-પત્તી લાના હૈ! મને નવાઈ લાગી. પણ હું ઉતાવળમાં હોવાથી વધુ કંઈ પડપૂછ કરવાનો સમય નહોતો. ત્યાર બાદ એક મહિનાની અંદર બેથી ત્રણ વખત આવું બન્યું. હવે મારી નવાઈ વધતી ચાલી. રોજ ૧૫૦ ગ્રાહકોને સાચવીને બેઠેલા નાયરને પૈસાની જરૂર પડી જ શી રીતે શકે? એ બધા જ પૈસા ગામડે રહેલાં એનાં વૃદ્ધ માબાપ કે એવી કોઈ વ્યક્તિને મોકલી દેતો હશે? કે પછી કંઈ બીજી લત લાગી હશે? હવે પછી જો એ પૈસા માગે તો પૂછી લેવું એવું મેં મનોમન નક્કી કરી લીધું.

ચોથી વખત નાયરે પૈસા માંગ્યા ત્યારે મેં એને રોક્યો. પૂછ્યું, 'અલ્યા નાયર! હવે મને તારા પર શંકા જાય છે. તું તારા પૈસાનું કરે છે શું? તારાં માતાપિતાને મોકલી દે છે? કે પછી બીજું કંઈ?'

નાયર થોડી વાર ચૂપ થઈ ગયો. પછી કહે, 'નહીં સાહેબ! ઐસા કુછ નહીં હૈ! મૈં કો બચપન સે હી અકેલા હી હૂં.'

'તો પછી એલા તારા બધા પૈસા જાય છે ક્યાં? કંઈ જુગારની લતે તો નથી ચડી ગયો ને?' આજે નાયર પાસેથી રહસ્ય જાણ્યા વિના એને જવા દેવાની મને બિલકુલ ઈચ્છા નહોતી.

છેલ્લા સવાલથી નાયર એકદમ ગંભીર થઈ ગયો. એણે ખિસ્સામાંથી એક ડાયરી કાઢી. પછી મારી સામે એ લંબાવીને કહે કે, 'દેખિયે સાહબ! આપ ખુદ હી દેખ લિજિયે!'

મેં ઉત્સુકતાથી ડાયરીનાં પાનાં ફેરવવાનું શરૂ કર્યું.

પાના નંબર એક : ફલાણા ડૉક્ટરના ૧,૮૦૦ રૂપિયા લેવાના બાકી

પાના નંબર બે : ઢીંકણા ડૉક્ટરના ૨,૦૦૦ રૂપિયા લેવાના બાકી!

પાનાં ફરતાં ગયાં. બાકી રકમનો આંકડો મોટો ને મોટો થતો ચાલ્યો. મેં અર્ધી ડાયરીના પાનાં ફેરવ્યાં ત્યાં સુધીમાં આ આંકડો દસ હજાર રૂપિયા વટાવી ગયો. (આ વાત ૧૯૮૩ના વરસની છે. જ્યારે મારો પગાર ફક્ત ૭૫૦/- સાતસો પચાસ રૂપિયા મહિને હતો). મને અત્યંત નવાઈ લાગી. મારાથી પુછાઈ ગયું કે, 'અરે નાયર! તેં બધા પાસે જો આટલા બધા પૈસા બાકી રાખ્યા હોય તો તારી જરૂરિયાત વખતે માંગતો કેમ નથી?

આમાંથી બે જ જણ પાસેથી તું અત્યારે અર્ધા પૈસા લઈ આવીશ તોપણ તારે એક મહિનો વાંધો નહીં આવે !'

નાયર થોડી વાર ચૂપ ઊભો રહ્યો. પછી કહે કે, 'ઈસ મેં જો નામ લિખ્ખેં હૈં, મેં ઉન સબકે પાસ ગયા થા. મગર કિસિને દિયે હી નહીં.' એટલું કહી એ નીચું જોઈને ઊભો રહી ગયો.

મેં એને ખાંડ-ચા લાવવાના દસ રૂપિયા આપ્યા. પોતાના હક્કના હજારો રૂપિયા બોલતા હોય તોપણ દસ રૂપિયા બીજા પાસેથી માગતા એને ખૂબ દુ:ખ થતું જ હશે એવું એના હાવભાવ પરથી લાગતું હતું. નવાઈના વાત એ હતી કે જેમની પાસે નાયરના પૈસા બાકી હતા એ બધા ડૉક્ટર્સ સ્કૂટરના પેટ્રોલના, સિનેમાની ટિકિટના કે પોસ્ટલ ચાર્જીસના પૈસા આરામથી ખર્ચી શકતા હતા. ફક્ત નાયરના પૈસા ચૂકવવા માટે જ એમની પાસે પૈસા નહોતા.

બીજા દિવસે સવારે જે ડૉક્ટર પાસે નાયર સૌથી વધારે પૈસા માગતો હતો તેણે નાયર સાથે ચા મોડી આપવા બદલ ઝઘડો કર્યો. હું પણ એ વખતે કૅન્ટીનમાં જ બેઠો હતો. મારાથી રહેવાયું નહીં. એ ડૉક્ટર ગયા પછી મેં નાયરને કહ્યું, 'નાયર ! તું શું કરવા ચૂપ રહ્યો ? કહી દેવું હતું ને કે લાવો ૨૦૦૦ રૂપિયા. પૈસા દેવામાં ઉતાવળ રાખતા હો તો તમારો ઑર્ડર પૂરો કરવાની અમને પણ ઉતાવળ રહે !'

'નહીં સાબ !' ગંભીરતાપૂર્વક વિચારીને નાયર બોલ્યો, 'બુરા તો હમે ભી બહોત લગા થા સાબ ! લેકિન અગર મૈં ભી ઐસે હી ચિલ્લાતા તો ઉન મેં ઔર મુજ મેં ફર્ક હી ક્યા રહ જાતા ? ઔર ઈતની છોટીસી બાત કિતની બઢ જાતી ? ઔર સાબ, ઈજ્જત પાને મેં પૂરી જિંદગી ખર્ચ હો જાતી હૈ, લેકિન ગઁવાને કે લિયે સિર્ફ પાંચ મિનિટ હી કાફી હૈ ! હમારે બુઝુર્ગોંને તો હમેં ઐસા હી સિખાયા હૈ. ઔર રહી બાત પૈસોં કી, તો વો અગર મેરે નસીબ મેં હોંગે તો મિલ હી જાયેંગે ! મગર મૈં ઉનકે જીતના બુરા બર્તાવ નહીં કર સકતા. કભી જરૂરત પડી તો આપ હૈ ના !' કહી એ હસી પડ્યો. આટલું બધું અપમાન ગળીને કેટલા ઓછા સમયમાં એ હસી શકતો હતો એ વાતનું મને આશ્ચર્ય થયું. હસતો હસતો એક હાથે લુંગી પકડીને એ ચાનાં વાસણે ધોવા જતો રહ્યો. એ વખતે નાયર મને જમાનાના જાણકાર કોઈ વડીલ અને સંત-જ્ઞાની જેટલો ઊંચો લાગ્યો. ભલે બધા એને તું કહીને બોલાવતા હોય પણ એ બધા કરતાં પણ એક મુઠ્ઠી ઊંચો હતો એ વગર બોલ્યે પણ એ સાબિત કરી રહ્યો હતો.

હું એને જતો જોઈ રહ્યો. ભણતર સંસ્કાર શીખવતું નથી એ વાત પર એ મહોર મારીને જતો હતો. 'ઈજ્જત કમાને મેં પૂરી જિંદગી લગ જાતી હૈ, લેકિન ગંવાને મેં સિર્ફ પાંચ હી મિનિટ !' એનાં એ વાક્યો મારા મનમાં તામ્રપત્ર પરના શબ્દોની માફક કોતરાઈ ગયાં હતાં.

ત્યાર બાદ ક્યારેય નાયરને મારી પાસેથી સામેથી પૈસા નથી માગવા પડ્યા. જ્યારે જ્યારે હું કૅન્ટીન જતો ત્યારે કોઈ ન હોય ત્યારે હું જ નાયરને પૂછતો કે, 'ક્યોં નાયર ! કુછ કામ હૈ ક્યા ? !'

❖❖❖

## જીવન જીવવાની રીત

ખાવા જેવી ચીજ હોય તો..... ગમ છે.
પચાવા જેવી કોઈ ચીજ હોય તો..... બુદ્ધિ છે.
આપવા જેવી કોઈ ચીજ હોય તો..... દાન છે.
જીતવા જેવી કોઈ ચીજ હોય તો..... પ્રેમ છે.
દેખાડવા જેવી કોઈ ચીજ હોય તો..... ગુણ છે.
બોલવા જેવી કોઈ ચીજ હોય તો..... સત્ય છે.
ફેંકવા જેવી કોઈ ચીજ હોય તો..... ઈર્ષા છે.
છોડવા જેવી કોઈ ચીજ હોય તો..... અનીતિ છે.
ગળી જવા જેવી કોઈ ચીજ હોય તો..... અપમાન છે.
પીવા જેવી જેવી કોઈ ચીજ હોય તો..... ક્રોધ છે.
લેવા જેવી કોઈ ચીજ હોય તો..... જ્ઞાન છે.
હારવા જેવી કોઈ ચીજ હોય તો..... અભિમાન છે.
સાંભળવા જેવી કોઈ ચીજ હોય તો..... ગુણ છે.
કરવા જેવી કોઈ ચીજ હોય તો..... સેવા છે.
વશ કરવા જેવી કોઈ ચીજ હોય તો..... મન છે.
સાચવવા જેવી કોઈ ચીજ હોય તો..... મન છે.
પૈસા જાય ત્યારે કંઈક જાય છે. પ્રતિષ્ઠા જાય ત્યારે તેનાથી વિશેષ જાય છે. પરંતુ હિમ્મત જાય ત્યારે સર્વસ્વ જતું રહે છે.

નલીની ડી. તન્ના

### નોખી દુનિયા

# છાયા-પડછાયા



પાયલ શાહ

'તમન્ના બંગલો'માં જોરશોરથી તમન્નાની બર્થ-ડે પાર્ટી ચાલી રહી હતી. તમન્નાની બધી ફ્રેંડ્ઝ આવી હતી. તમન્ના તેના પપ્પા માટે તમન્ના પ્રિન્સેસ હતી. મહેન્દ્રભાઈએ અને રીટાબેને તમન્નાને એક આયનો બર્થ-ડે ગિફ્ટમાં આપ્યો ''અરે સહી ડેડ! શું મિરર છે... એકદમ કોઈ રાજકુમારી માટે હોય એવું લાગે છે.'' તમન્ના ખુશીથી ઉછળી પડતાં બોલી આયનો સાચે જ અત્યંત સુંદર હતો. લંબગોળ અને આજુબાજુ સોનેરી કિનાર એમાં વળી પાછુ ફૂલપાનની કારીગરી અને ઝીણીઝીણી ઘૂઘરીઓનો શણગાર... તમન્ના જોતી જ રહી આયનાને. મહેન્દ્રભાઈ હસી પડ્યા, ''યસ માય પ્રિન્સેસ છેલ્લા ત્રણ મહિનાથી તારી માટે કાંઈક અલગ શોધતો હતો.'' ''આઈ લવ યૂ ડેડ'' તમન્ના તેના પપ્પાને ભેટી પડી. ''અચ્છા, ડેડ... આ અરીસાને મારા રૂમમાં જ મૂકી દો ને.'' તમન્નાએ કહ્યું, ''હા, બેટા એમ જ કરીએ'' મહેન્દ્રભાઈએ કહ્યું.

'બાય... બાય... સી યુ ઈન કોલેજ'ના ગણગણાટ સાથે બર્થ-ડે પાર્ટી પતી ગઈ. થાકીપાકીને તમન્ના રૂમમાં ગઈ. ફ્રેશ થઈને એકદમ ધ્યાનથી અરીસામાં પોતા રૂપ ઉપર જ મોહિત થઈ ગઈ. ચાલો મેડમ કાલે કોલેજ જવાનું છે. એમ ગણગણતી પલંગ પર સૂઈ જાય છે, પણ આ શું ? પોતાનું પ્રતિબિંબ... પડે તો છે અરીસામાં પણ ઉભેલું નહીં કે સૂતેલું...! તમન્ના હેબતાઈ જાય છે. આંખો ચોળતી વળી પાછું જુએ છે હવે બરાબર છે તો પહેલા કેમ આવું થયું ? ત્યાં જ તેનું પ્રતિબિંબ જવાબ આપે છે જેમ આ તરફની તારી દુનિયા છે એમ મારી પણ અરીસાની દુનિયા છે. કંટાળી ગઈ છું આ દુનિયાથી. મને થોડીવાર માટે અરીસાની બહાર નીકળવું છે. તું મને મદદ કરીશ ? તમન્નાને ખ્યાલ નથી આવતો કે આ વાત માત્ર ભ્રમ છે કે દુઃસ્વપ્ન. ત્યારબાદ તેનું પ્રતિબિંબ ચૂપ થઈ જાય છે. બીજા દિવસે સવારના અરીસા પાસે તમન્ના વાળ ઓળતી હોય છે ત્યારે તેનું પ્રતિબિંબ અચાનક હાથ લંબાવે છે અને તમન્નાને અરિસાની અંદર ખેંચી લે છે અને પોતે બહાર આવી જાય છે !

હવે તમન્નાની અરીસાની અંદરની દુનિયામાં સફર શરૂ થાય છે. તમન્ના જોરજોરથી ચોસી પાડે છે. મમ્મી બચાવ મને... પપ્પા કાઢો મને અહીંયાથી... કોઈ સાંભળતું નથી. પેલું પ્રતિબિંબ જોરજોરથી હસે છે અને કહે છે, 'હવે હું તમન્ના છું. કંટાળી ગઈ'તી પડછાયાની દુનિયાથી. હવે હું આઝાદ છું. તારી જિંદગી હવે મારી જિંદગી છે અને આમ કહીને રૂમમાંથી બહાર નીકળે છે. આ તરફ તમન્ના જુએ છે કે આ દુનિયા જ સાવ અલગ છે. ઘડિયાળના કાંટા ઊંધી તરફ ફરતા હોય તેમ લાગે છે. અંતે હારી થાકીને તે બેસી જાય છે. કેવી છે આ દુનિયા ? તમન્નાના ઓરડાના દરેક સાધનો પ્રતિબિંબિ રૂપે હાજર છે. માત્ર હાજર નથી તો પોતે... પ્રતિબિંબ બનીને રહી ગઈ છે ! જ્યારે તમન્નાના પ્રતિબિંબે અહીં અલગ દુનિયા જ નહીં અલગ વાત પણ રચી.

રીટાબેન સોફા પર બેઠાબેઠા કાંઈ વિચારતા હોય એવું મહેન્દ્રભાઈને લાગ્યું. મહેન્દ્રભાઈએ કહ્યું, ''રીટા, આજકાલ તું ચિંતાનાં હોય એવું લાગે છે.'' હા... તમે થોડા દિવસથી તમન્નાનો વર્તાવ જોયો ? પહેલાં રોજ ઘરેથી નીકળતી ત્યારે હંમેશા જય શ્રી કૃષ્ણ મમ્મી કહીને નીકળતી. એકાદ બે ફોન કરીને તે શું કરે છે ? ક્યાં છે ? કોની સાથે છે ? તે પણ જણાવતી જ્યારે હવે સવારનાં નીકળી જાય છે અને પાછી આવે ત્યારે નથી જમવાનું ભાન કે નથી બોલવાનું ભાન...'' રીટાબેને ઉભરો ઠાલવતા કહ્યું, મહેન્દ્રભાઈ હસી પડ્યા, 'બસ... બસ તું તો કેટલી નાની વાતોની ચિંતા કરે છે અરે ભઈ તારી દિકરી હવે સ્કૂલ-ગર્લ નથી રહી કે દરેક નાની નાની વાત તને પૂછશે, ''ઓ.કે. ચાલ આપણે તમન્નાને જ બોલાવીએ અને પૂછીએ કે પ્રિન્સેસને કાંઈ ખોટું તો નથી લાગ્યું ને ?'' ''આવશે ત્યારે ને જ્યારે ઘરમાં હશે તમારી પ્રિન્સેસ... હવે તો અગિયાર-બાર મન ફાવે ત્યારે આવે છે.'' રીટાબેને થોડાંક ગુસ્સામાં કહ્યું, તમન્નાની કારનું હોર્ન સંભળાયું.

રીટાબેને મહેન્દ્રભાઈ સામે જોયું જાણે કહેતા હોય લો આવી ગઈ તમારી પ્રિન્સેસની સવારી... રીટાબેને બારણું ખોલ્યું, પણ આ શું ? તમન્ના તો લથડિયા ખાતી આવીને સીધી સોફા પર ઢળી પડી. રીટાબેનથી ચીસ પડાઈ ગઈ તમન્ના... બેટા તું આજે ? મહેન્દ્રભાઈએ તેમને આગળ બોલતાં રોકી લીધાં ''ચાલ તમન્નાને તેના રૂમમાં સુવડાવી દઈએ કાલે સવારે વાત.'' બીજે દિવસે સવારે મહેન્દ્રભાઈએ પોતાના

ખાસ મિત્ર ડૉ. સિદ્ધાર્થ શેઠને ઘરે બોલાવ્યા જે મનોચિકિત્સક હતા. રીટાબેન પણ વાતોમાં જોડાયાં. મહેન્દ્રભાઈ અને ડૉ. સિદ્ધાર્થ વાતો કરતાં હતાં જ્યારે રીટાબેન એકદમ ડરેલાં લાગતાં હતાં. 'શું વાત છે ભાભી ? તમન્નાનું આટલું ટેન્શન કેમ કરો છો ? તમન્નાએ મિત્રોના આગ્રહને કારણે ડ્રીંક્સ લીધું હશે.' ડૉક્ટરે કહ્યું, નહીં નહીં એ વાત નથી... ''કાલે તમન્ના નશામાં કાંઈક બોલતી હતી.'' રીટાબેન અચકાતાં અચકાતાં બોલ્યાં.

''રીટા તું અપસેટ છે કાલ રાતથી જ. જા જઈને આરામ કર.'' મહેન્દ્રભાઈ બોલ્યા. ''એક મિનિટ મહેન્દ્ર'' ડૉ. સિદ્ધાર્થે કહ્યું, 'ભાભી માંડીને વાત કરો શું થયું કાલે રાતના તમન્ના ઘરે આવી પછી...'' ડૉ. તમન્ના ઘરે આવી ત્યારે લથડિયાં ખાતી આવી પછી તેને મેં પલંગમાં સુવડાવી ત્યારે એ કાંઈક એવું બોલતી હતી કે તું બેવકૂફ બની ગઈ અને જો આજે હું તારી જગા પર છું અને તું... તું...'' પછી એકદમ ઊંઘમાં સરી પડી. તમન્નાને આ હાલતમાં જોઈ રાતના હું ત્યાં જ સૂઈ રહી.'' ''રીટા તું થાકી ગઈ છે પ્લીઝ આરામ કર.'' મહેન્દ્રભાઈ થોડા ચિડાઈને બોલ્યા. ''મહેન્દ્ર મારી વાત માનો... થોડી વાર પછી તમન્નાનો બડબડાટ પાછો ચાલુ થઈ ગયો કે જોયું કીધું'તું ને મેં તને... પણ તું માની નહીં હવે જો તારા શું ને મેં તને... પણ તું માની નહીં હવે જો તારા શું હાલ કરુ છું ?'' ડૉક્ટરે ધ્યાનથી બધી વાતો સાંભળીને કહ્યું ! તમન્ના પર ધ્યાન રાખજો. તેની દરેક હિલચાલનું, દરેક વાતનું ચોક્કસ કાંઈક તો કારણ છે. હમણાં હમણાંથી તમન્નાએ ઈશાન સાથે પણ વાત કરવાનું ઓછું કરી નાખ્યું છે અને ઈશાન કહેતો હતો કે કોલેજના સાવ ગુંડા જેવા સલીમ સાથે વાતો કરે છે. ખરી રીતે તો આ વાત કહેવા જ સવારના આવ્યો ત્યાં આ વાત સાંભળી.

''ચાલ મહેન્દ્ર હું નીકળું પછી કાંઈ કામ હોય તે ક્લિનિક પર આવજે.'' મહેન્દ્રભાઈએ હા પાડવા માટે માથું ધુણાવ્યું. રીટાબેન હળવો નિસાસો નાખીને તમન્નાની રૂમમાં ગયા. તમન્ના તૈયાર થઈ રહી હતી. રીટાબેન રૂમમાં ગયા. પણ તમન્નાએ ન તો તેમના તરફ કાંઈ ધ્યાન આપ્યું ન તેમની સાથે વાત કરી. રીટાબેન તમન્નાને જોઈ મનમાં બોલ્યા સાચે મારી દીકરી મોટી થઈ ગઈ છે. ત્યાં જ તમન્નાએ પર્સ ઉપાડીને રૂમનો દરવાજો ખોલ્યો, ત્યારે રીટાબેન બોલ્યાં, ''અરે બેટા વાળ બરાબર નથી જરાક અરીસામાં જોઈને બરાબર કરી લે દીકરા'' તમન્નાએ એવી રીતે રીટાબેનની સામે જોયું જામે તેમણે કાંઈક ગુનો કરી નાખ્યો હોય અને દરવાજો પણ જોરથી પછાડીને બંધ કર્યો.

રીટાબેન બારી પાસે ગયા ત્યારે તેમના પગ નીચેથી જમીન સરકી ગઈ. તમન્ના કોઈ બે-ચાર ગુંડા જેવા છોકરાઓ સાથએ ઉભી છે અને હાથમાં સિગારેટ ! રીટાબેન તરત જ મહેન્દ્રભાઈને વાત કરી ચિંતાથી મહેન્દ્રભાઈ, રીટાબેન ડૉ સિદ્ધાર્થની ક્લિનિક પર ગયા. ક્લિનિકમાં ત્રણે જણા ચૂપ બેઠા હતા. ડૉક્ટરે વાત શરૂ કરી, ''ભાભી, આ વાતમાં જરૂર કાંઈ ભેદ છે. સાવ અચાનક આપણી તમન્ના બદલાય જાય એવી નથી, પણ બધી વાત વિગતે કરો.'' સાચે સિદ્ધાર્થભાઈ મને જ ખાસ કાંઈ ખ્યાલ નથી આવતો બસ તેના બર્થ-ડેથી બધુ બદલાયેલું લાગે છે. બર્થ-ડે પર પણ ખાસ કાંઈ ધમાલ નહોતી બસ તમન્નાની બધી ફ્રેંડ્ઝને બોલાવી હતી. મહેન્દ્રએ તેને મિરર (અરિસો) આપ્યો ગિફ્ટમાં ત્યારે તો તમન્ના એટલી ખુશ થઈ હતી.'' ડૉક્ટરે કહ્યું, મિરર ? '''હમમમ.... મહેન્દ્ર ચાલ ઘરે આપણે તમન્નાના રૂમમાં જઈને જોઈએ. કદાચ કાંઈક મળી આવે અને આપણને તેના બદલાયેલા વર્તનની ખબર પડે.''

ડૉક્ટરે તમન્નાના રૂમમાં કોમ્પ્યુટર, કબાટ, ખાનાં બધું જોયું, કાંઈ ખાસ ન મળ્યું. થાકીને ડૉક્ટર તમન્નાના પલંગ પર બેસી ગયા નિરાશ વદદને તેઓ ઊઠ્યા એક નજર અરીસા સામે નાખી અરીસા પર હાથ ફેરવતા કહ્યું, ''બિલેટેડ હેપી બર્થ-ડે દીકરા... પણ તું સાવ આવી કેમ થઈ ગઈ બેટા ?''

''સિદ્ધાર્થ અં...અંકલ અંકલ'' તમન્નાનો અવાજ ! તેમણે આજુબાજુ જોયુ. ડૉક્ટરને લાગ્યું તેને ભ્રમ થયો છે કે શું ?

''અઅં...ક...લ.'' એકદમ ગુફામાંથી અવાજ આવતો હોય તેવો અવાજ આવ્યો હું... હું... અઅ...રીસામાં છું પ્રતિબિંબ બની ગ...ગ..ઈ..છું'' શું ? ડૉ. સિદ્ધાર્થ એકદમ તડકીને અરીસાથી દૂર થઈ ગયા. રૂમમાં શાંતિ ફેલાઈ ગઈ. બે-ત્રણ મિનિટ પછી તે અરીસાની નજીક ગયા ત્યારે પાછો અવાજ આવ્યો અંકલ....મ...મારો અવાજ તમને એટલે સંભળાય છે, કારકે અરિસાથી ખૂબ નજીક છો...!''

'બેટા... આ કઈ રીતે થયું ?' ડૉ. હેરાન થતાં બોલ્યાં ચાલ તું બહાર નીકળ આપ તારો હાથ... તારા પડછાયાને અમે પહોંચી વળશુ... નહીં અંકલ તે અરીસાની એકદમ નજીક આવશે ત્યારે જ આ અદલાબદલી શક્ય થશે અને તે કોઈ પણ રીતે અરીસાની નજીક આવતી જ નથી. તે મારું પ્રતિબિંબ છે અંકલ... તેની દુનિયા અરીસાની અંદર જ છે... ઠીક છે બેટા હવે તેને કેમ પણ કરીને અરીસાની એકદમ નજીક લાવવાની જવાબદારી મારી. હવે એક-બે દિવસમાં તું બેટા છાયા-પડછાયાના ખેલમાંથી આઝાદ

થઈ જશે. કાલે હું તને શું કરવાનું છે સમજાવી દઈશ.'' ડૉક્ટરે આ બધી વાત મહેન્દ્રભાઈ અને રીટાબેનને ન કરી, કારણ બંનેમાંથી કોઈને પણ આઘાત લાગે તો બધી બાજુએથી મુશ્કેલીને પહોંચી વળવું તદ્દન અશક્ય હતું.

ડૉ. એ રૂમમાંથી બહાર નીકળીને મહેન્દ્રભાઈને પૂછ્યું, ''આ મિરર તો એકદમ રાજાના જમાનાનો લાગે છે ક્યાંથી લાવ્યો ?'' નૂપુર એન્ટી શો-રૂમમાંથી. મહેન્દ્રભાઈએ જવાબ આપ્યો. ડૉ. સિદ્ધાર્થ પોતાના ઘરે વિચારમગ્ન દશામાં બેઠા હતા ત્યાં જ ઈશાન આવ્યો, 'શું વાત છે ડેડ ? આજે આમ કેમ બેઠા છો ? કાંઈ તકલીફ છે ?' ''હા. ઈશાન... તકલીફ છે... આપણી તમન્ના તકલીફમાં છે.'' તેમણે બધી વાત ઈશાનને કહી. ''આ વાત તદ્દન અશક્ય છે ડેડ... અરીસામાંથી બહાર આવવું ને અંદર જવું... હા ઈશાન પણ અરીસો અત્યંત જૂનો છે. હું નૂપુર શોરૂમમાં પણ જઈ આવ્યો ત્યાંના ડિલરે કહ્યું રેકોર્ડ મુજબ આ અરીસો ઈજિપ્તની રાણીનો હતો અને અત્યંત મોંઘી કિંમતે મહેન્દ્રભાઈએ લીધો તમન્ના માટે... કદાચ તે પ્રતિબિંબ ન હોય અને અતૃપ્ત આત્મા પણ હોય જેને શરીરની ગરજ હોય અહીં જીવવા માટે અને આપણી તમન્ના નિમિત્ત બની ગઈ. બેટા, ઈશાન...''

ડૉ. અને ઈશાન થોડી વાર સાવ ચૂપ રહ્યા. ''ડેડ, આનો ઉપાય શું છે ? તમન્નાને આમાંથી...'' ઈશાને મૌન તોડતાં કહ્યું. હા દીકરા તમન્નાએ જ મને કહ્યું જો તેનું પ્રતિબિંબ તેનાથી એકદમ નજીક હોય તો તેને ખેંચીને અંદર લઈ લે, પણ કદાચ પેલી અરીસાની નજીક જતી જ નથી. રીટાભાભી પણ કાંઈક આવી વાત કરતા હતા. ''ઓ.કે. ડેડ હવે મારી વાત સાંભળો... ડૉક્ટરે ઈશાનની વાત સાંભળીને કહ્યું, ''વેલ ડન... એકવાર પ્રયત્ન કરવામાં કાંઈ ખોટું નથી. હું કાલે જ મહેન્દ્ર અને રીટાભાભીને વાત કરું છું.''

ડૉ. સિદ્ધાર્થે સવાર પડતાં જ મહેન્દ્રભાઈને ફોન કરીને ક્લિનિક પર બોલાવ્યા. હવે એકદમ સંભાળીને કામ લેવાનું હતું. શું વાત છે ? ડૉક્ટર સવાર સવારના અહીંયા બોલાવ્યો ? બધું બરાબર છે ને ? મહેન્દ્રભાઈએ ચિંતાતુર અવાજમાં પૂછ્યું. ''હા ભાઈહા... બરાબર જ છે ખુશખબર છે તારા માટે...'' ખુશખબર ! મહેન્દ્રભાઈ વિચારવા લાગ્યા. ''અરે યાર... ઈશાને કાલે રાતના મને વાત કરી કે તેને તમન્ના સાથે લગ્ન કરવા છે અને તારી તમન્ના પણ રાજી છે. છોકરી છે ને ભલે ૨૧મી સદીની પણ લગ્નની વાત આવે એટલે શરમ તો આવે ને તને કહેતાં.'' મહેન્દ્રભાઈ હસી પડ્યા. ''અરે... આ વાત મને પહેલાં કીધી હોત ને તો... અત્યાર સુધીમાં સગાઈ કરાવી દીધી હોત બન્નેની... ઠીક છે, ચાલ તમન્નાને ફોન લગાવું.'' ડૉક્ટરે તરત મહેન્દ્રભાઈના હાથમાંથી મોબાઈલ લઈને કહ્યું, ''અરે મહેન્દ્ર મારી વાત તો સાંભળ. આપણે રહ્યા ભઈ જૂના જમાનાના અને તમન્નાને ઈશાન છે નવા જમાનાના... ઈશાનને પોતાની રીતે. શું કહે છે જુવાનિયાઓ હા... જરા હટકે સ્ટાઈલથી તમન્નાને **Propose** કરવું છે. જો તમને અને ભાભીને વાંધો ન હોય તો...''

''કેવી રીતે વળી ?'' મહેન્દ્રએ નવાઈ લાગી. ''કાલે વેલેન્ટાઈન-ડે છે તો ઈશાનને તેનો આખો રૂમ ગુલાબના ફૂલોથી સજાવવો છે.'' ડૉક્ટરે સમજાવ્યું. ''ચાલો ભાઈ કાંઈ, વાંધો નથી. હા, રીટા ચોક્કસ બોલશે કાંઈ ઈશાન-તમન્ના પહેલા છે કે લવ મૅરેજ કરવા બેઠા છે, પણ વાંધો નહીં ચાલશે.'' મહેન્દ્રભાઈએ હસતાં હસતાં કહ્યું, ''ઠીક છે તો કાલે તમન્ના કોલેજ જશે ત્યારે ઈશાન તેનો રૂમ સજાવી જશે.'' ડૉ. સાથે હાથ મિલાવી મહેન્દ્રભાઈ ખુશખુશાલ ચહેરે રીટાબેનને ખબર આપવા ગયા. અહીંથી હવે ડૉ. સિદ્ધાર્થ અને ઈશાનની લડાઈ શરૂ થતી હતી. છાયા પડછાયાની. બીજે દિવસે વેલેન્ટાઈન-ડે હતો એટલે તમન્ના કોલેજ જવા ઉતાવળી થતી હતી ત્યાં રીટાબેને કહ્યું, ''બેટા, આજે સાંજના ઈશાન અને ડૉ. જમવા આવવાના છે. બેટાં તું વહેલી આવી જજે.'' તમન્નાએ મોઢું ચડાવીને હા પાડી અને સડસડાટ બહાર ચાલી ગઈ. બપોર થતા જ ઈશાન આવ્યો આને રૂમ સજાવવા લાગ્યો અને થોડી વાર પછી અરીસાથી એકદમ નજીક જઈને ઊભો રહ્યો. ''તમન્ના, તું મને સાંભળી શકે છે ? હું ઈશાન'' બે-પાંચ મિનિટ કાંઈ અવાજ ન આવ્યો પછી એકદમ દબાયેલો અવાજ આવ્યો, 'હા ઈશાન...' ઈશાન ડરી ગયો, પણ હવે તેને સમજાયું તેના પપ્પાએ સાચું કહ્યું હતું, ક્યારેક સત્ય કલ્પનાથી વેગળું એ વધારે રોચક અને ચોટદાર હોય છે. તમન્ના, જો એક કે બે મિનિટ જ આપણી પાસે છે.

હું અરીસા પર લખું છું **I Love You** અને આખો રૂમ ફૂલોથી સજાવું છું. કદાચ જો તારું પ્રતિબિંબ અરીસાની નજીક આવે તો એ તકને તું ઝડપી લેજે. ''હા, ઈશાન'' તમન્ના બોલી. હવે ઈશાને રૂમમાં ફૂલોના ગુલદસ્તા ટેડીબેર, ગિફ્ટસ મૂકવાની શરૂ કરી. હવે વારો હતો અરીસાનો... ત્યાં ઈશાને લાલ રંગની લિપસ્ટિકથી મોટા અક્ષરે લખ્યું **I Love You Tammanna** અને ખૂબ ઝીણા અક્ષરે પોતાનું નામ નીચે લખ્યું. કદાચ માત્ર નામ જોવા માટે પણ પેલી નજીક આવે તો તમન્ના તેને ખેંચી શકે. સાયન્સ પર શ્રદ્ધા રાખતા ઈશાનથી તમન્નાના ટેબલ

પર પડેલી ગણેશજીની પ્રતિમા સામે હાથ જોડાઈ ગયા અને મનોમન બોલ્યો, ''વિઘ્નહર્તા, સત્ય પરેશાન થઈ શકે છે, પરાજિત નહીં. આજે તમારે અમને સાથ આપવાનો છે, અમારું વિઘ્ન હરવાનું છે.'' ઈશાનની આંખોમાં પાણી આવી ગયા હતા ને તમન્નાને આ રીતે જોઈ નહોતો શકતો તે સડસડાટ રૂમમાંથી બહાર ચાલ્યો ગયો. બસ હવે તમન્ના આવે એટલી વાર...

રીટાભાભી મહેન્દ્રભાઈ, ઈશાન અને ડૉ. સિદ્ધાર્થ ડાઈનિંગ ટેલબ પર બેઠાં બેઠાં વાતો કરતાં હતાં. રીટાભાભીએ કહ્યું, ''જોયું આ છોકરી, કીધું તું મેં એને આજે તમે જમવા આવવાના છો, પણ છતાં છે કાંઈ પરવા? દસ વાગી ગયા હજી નથી આવી.'' ડૉક્ટરે કહ્યું, અરે, ભાભી કાંઈ વાંધો નહીં અમે ઘરનાં જ તો છીએ વાંધો નહીં દીકરી આવે પછી તેને મળીને જ નીકળીએ. ત્યાં જ ડોરબેલ વાગી સાથે ઈશાનના હૃદયના ધબકારા વધી ગયા હવે માત્ર બે શક્યતા હતી. તમન્ના થોડીવારમાં જ આઝાદ થઈ જાય અથવા તો... કાંઈ જ નહીં થાય. તમન્નાએ ન તો ઈશાન સાથે વાત કરી ન ડૉ. સામે જોયું. રીટાબેન હજી તો બોલવા જાય છે કે તમન્ના બેટા અંકલ આવ્યા છે તો... પણ તમન્ના જેનું નામ સડસડાટ તેના રૂમમાં ચાલી ગઈ.

ઈશાનને દોડીને તેના રૂમમાં જવાનું મન થયું પણ તેને ખબર હતી હવે ખેલ છાયા પડછાયાનો છે અને ત્યાં પોતે જશે તો કામ બગડી જશે. તમન્નાએ રૂમમાં જોયું તો ચકિત થઈ ગઈ આટલા ફૂલો, ભેટો, ટેડીબેર... અરે! શું છે આ બધું? કોણે સજાવ્યો છે આટલો આ રૂમને? એકએક વસ્તુઓ જોતી બેધ્યાન પણે તે અરીસા પાસે આવી અને નામ વાંચવા ગઈ ત્યાં ચીલઝડપે તમન્નાએ અંદરથી તેનો હાથ ખેંચ્યો અને ઝડપથી તેને અંદર ખેંચીને પોતે બહાર નીકળી. ખૂબ ઝડપથી આ કામ કર્યું. તમન્ના બહાર નીકળીને તરતજ અરીસાથી દૂર થઈ ગઈ. છાયા પડછાયાના ખેલનો તો અંત આવ્યો, પણ આ અરીસાને પણ અહીંથી દૂર કરવો જરૂરી હતો. હા, પણ હવે પોતે તો નજીક નહીં જાય અને કોઈને નહીં જવા દે. તમન્નાએ પોતાના કોમ્પ્યુટર ટેબલ પાસે પેપરવેઈટ જોયું. તેણે દૂરથી ઊભાં ઊભાં જોરથી અરીસા પર માર્યું. ખણણણ... અરીસાનો તૂટવાનો અવાજ આવ્યો.

મહેન્દ્રભાઈ અને રીટાબેન એકદમ જ ઊભા થઈને તમન્નાના રૂમ તરફ દોડ્યા. જ્યારે ડૉક્ટરે અને ઈશાન બંનેએ એકબીજાને ઈશારાથી સમજાવી દીધું છાયા પડછાયાના ખેલમાં જીત આપણી થઈ છે. મહેન્દ્રભાઈએ તમન્નાના રૂમનો દરવાજો ધમધમાવ્યો, ''બેટા, આ શેનો અવાજ હતો? તું ઠીક છે ને?'' મહેન્દ્રભાઈ ડરેલા અવાજે બોલ્યા. તમન્નાએ દરવાજો ખોલ્યો હા, પપ્પા હું ઠીક છું. હું એમ જ પેપરવેઈટ લઈને ટેબલ પાસે ઊભી હતી અચાનક પેપરવેઈટ મારા હાથમાંથી છટક્યું ને સીધું અરીસા પર લાગ્યું. ''વાંધો નહીં દીકરા પણ તને લાગ્યું નથી ને?'' ના, પપ્પા, હું તો એકદમ ઓલરાઈટ છું.'' તમન્ના ઈશાન સામે જોતા બોલી.

રીટાબેન બોલ્યા, ''ચાલ બેટા હવે આ રૂમમાંથી અરીસો હટાવીને બધી સફાઈ કરાવી દઉં મારી દીકરીને ક્યાંક લાગી જશે.'' તમન્ના લાડ કરતી બોલી મમા... તારા હાથની દાળઢોકળી તો ખવડાવ તીખું-તમતમતું ખાઈને કંટાળો આવી ગયો છે હવે આપણું ગુજરાતી ફૂડ ઝિંદાબાદ. રીટાબેન ખુશ થતાં રસોડામાં ચાલી ગયા. મહેન્દ્રભાઈ અને ડૉ. બહાર વાતોએ વળગ્યા. ઈશાને તમન્નાને કહ્યું, ''તમન્ના, સાચું કહું પહેલાં પ્રેમમાં નહોતો માનતો, હવે તમન્નામાં માનું છું એટલે પ્રેમ પર વિશ્વાસ છે. તું હા પાડીશ તો ગમશે. ના પાડીશ તો દુઃખ થશે, પણ તુટી નહીં જાઉં. હા, એટલું જરૂર છે જિંદગીના દરેક રસ્તા પર અને દરેક લડાઈમાં તું સાથે હશે તો બધા રસ્તા સહેલા લાગશે અને લડાઈ લડવામાં મજા આવશે અને ત્યાં જ તમન્ના બોલી, ''બસ... બસ હવે મને હા તો પાડવા દે યાર... ઈશાન અને તમન્ના હસી પડ્યા.

તમન્ના અને ઈશાનની સગાઈ વખતે ઈશાને તમન્નાને જ્યારે અરીસો આપ્યો ત્યારે તમન્નાએ કહ્યું, અહીં પણ ગોટાળો છે ને જો હું જોવા જાઉં છું મને અને દેખાય છે માત્ર તું જ... ઈશાન હસી પડ્યો અને તમન્ના ઈશાનની નિર્દોષ ભૂરી ભૂરી આંખોમાં ડૂબી ગઈ.

❖❖❖

ભારતીય પરંપરામાં દેહ પર ૧૬ જાતના સંસ્કારો થતા, આવી સંસ્કારિત કાયા ઘણાં ઘણાં દુન્યવી પાપોથી મુક્ત રહી શકતી. આજે કેવળ એક સંસ્કાર જ શેષ રહી ગયો છે, અને એ પણ જીવંત-કાયા પર નથી થતો પણ એ મડદા પર, શબ ઉપર થાય છે. આ સંસ્કારનું નામ છે અગ્નિસંસ્કાર! જો કે અગ્નિસંસ્કારના માધ્યમે પણ સમાજમાં વૈરાગ્યનું વાતાવરણ જીવતું-જાગતું રહેતું હતું અને સ્મશાનિયો વૈરાગ પણ ટક્યો રહ્યો હતો, જે સાચા વૈરાગ્યનું કારણ બની જતો. આજના જમાનામાં વીજળિક સ્મશાનની સગવડ થતાં કાયા પર થતો અગ્નિસંસ્કાર પણ લુપ્તપ્રાયઃ થવા માંડ્યો અને સર્વત્ર સૌને માટે સુલભ સ્મશાનિયો વૈરાગ્ય પણ હવે દુર્લભ બનતો ચાલ્યો.

- 'ઉપવન' માંથી સાભાર



# ભારતીય સંસ્કૃતિમાં દાનભાવના

ગુણવંત બરવાળિયા

ઉપનિષદમાં એક પ્રસંગ છે. એકવાર દેવ, અસૂરો અને મનુષ્યોએ બ્રહ્માને કહ્યું કે અમને કર્તવ્યનું જ્ઞાન આપો. બ્રહ્માએ દ દ દ નો ધ્વનિ કર્યો. દેવતાઓ તેનો અર્થ સમજ્યા કે ઈન્દ્રીયોનું દમન કરો. અસુરોએ એનો અર્થ કર્યો કે, જીવ પર દયા કરો અને મનુષ્યોએ બોધપ્રાપ્ત કર્યો કે, દાન કરો અને એ પ્રતિબોધને માનવોએ આચરણમાં મૂક્યો.

જે એક હાથ દાન આપે છે તે બન્ને હાથે મેળવી શકે છે. દાનથી સમૃધ્ધિમાં ગુણકની ગતિએ વૃદ્ધિ થાય છે. દાન પ્રતિષ્ઠા કે અહંકારની તૃપ્તિ મો નહિ દાનથી કરુણા સ્નેહ સેવા બંધુત્વ જેવી ઉદાત્ત ભાવનાઓનો વિકાસ થાય છે. દિવ્યતાની જાગૃતિ સાથે ઈશ્વરિય આનંદની અનુભૂતિ થાય છે.

જગતના દરેક ધર્મ દર્શન કે સંપ્રદાયમાં દાન ભાવનાનું મહત્વ છે. પરંતુ જ્યાં આવી ધાર્મિક શ્રદ્ધા નથી તેવા સમાજમાં પણ દાનની પરંપરા ઉપયોગી માનીને કહ્યું છે કે મંદિરમાં પ્રાર્થના માટે જોડાયેલા બે હાથ કરતાં દાન દેવા માટે ઉઠેલો એક હાથ પણ ઘણોજ મહત્વનો છે.

ભારતીય વૈદિક દર્શનમાં મીમાંસા દર્શન પૂણ્યવાદી દર્શન છે. તેમાં દાનથી પૂણ્યના ઉપાર્જનને મહત્વનું ગણ્યું છે. જ્યારે શ્રમણ સંસ્કતિની જૈન અને બૌદ્ધ પરંપરાએ સૂપાત્ર દાનને મહત્વ આપ્યું છે. જૈન પરંપરામાં દાનને સત્કાર્ય માનવામાં આવે છે. જેથી પરિગ્રહ ઓછું કરવા અને મમત્ત્વ ઘટાડવા દાન કરવાનું કહ્યું છે. જેથી ભગવાન ઋષભદેવથી પરમ તીર્થંકર ભગવાન મહાવીર સુધી બધાં જ તીર્થંકરોએ દીક્ષાપૂર્વે એક વર્ષ સુધી વર્ષીદાન દીધું હતું.

ભગવાન મહાવીરે સૂત્રકૃતાંગસૂત્ર માં અભયદાનને જ શ્રેષ્ઠ દાન ગણ્યું છે. જ્ઞાનીઓએ દાનવીરને મેઘની ઉપમા આપતા જણાવ્યું છે કે મેઘના ચાર પ્રકાર છે. એક ગરજે છે પણ વરસતો નથી. બીજો વરસે છે પણ ગરજતો નથી. ત્રીજો ગરજે છે ને વરસે પણ છે. અને ચોથો ગરજતો પણ નથી અને વરસતો પણ નથી. આમ મેઘ સમાન મનુષ્યના પણ ચાર પ્રકાર છે.

કોઈ દાન વિશે ગાજે છે એટલે મોટી જાહેરાતો કરે છે, પણ દાન દેતા નથી. બીજા દાન દે છે, પણ દાન વિષે કદી જાહેરાત કરતાં નથી. ત્રીજા દાન વિશે જાહેરાતો કરે છે અને દાન પણ દે છે અને ચોથા દાન વિશે જાહેરાત કરતાં નથી અને દાન પણ દેતાં નથી.

ભગવાન મહાવીરે આ કથનથી દાનની ગરિમાને સ્પષ્ટ કરી દીધી છે. દાન શીલ તપ અને ભાવ ધર્મના આ ચાર અંગોમાં, દાન માર્ગ ઘણોજ સરળ છે. દરરોજ યથાશક્તિ દરેક વ્યક્તિ તેનું પાલન કરી શકે છે.

આપણે આપણા ભવિષ્ય માટે લાંબા ગાળાના બોન્ડમાં રૂપિયાનું રોકાણ કરીએ છીએ, તેનું ફળ આ ભવમાં મળે છે ત્યારે દાનમાં ત્યાગ કરેલા રૂપિયા કે સંપત્તિનુ અનેકગણું ફળ ભવભવાંતરે મળે છે. દેનારના મનમાં અહંભાવ, અને લેનારના મનના લઘુતાભાવ ન પ્રગટે એ દાન જ સ્વ પરનું કલ્યાણ કરી શકે.

આપણે લોકકલ્યાણ, ધર્મ કે જીવદયાની સંસ્થાઓમાં દાન આપીએ તે જ ઘડીએ તેના પરનો મમત્વભાવ છોડી દેવો જોઈએ, દાનમાં આપેલા નાણાં કે સાધનોનો બરાબર ઉપયોગ થાય છે કે નહિ તે જોવા માટે નિયંત્રણ કે શરતો રાખીએ તે યોગ્ય છે. પરંતુ અહંભાવ સ્વાર્થ કે માલીકીભાવ રાખીએ તો દાન સાથે ત્યાગ કર્યો ન કહેવાય. જ્ઞાનીનું કથન છે કે જેમ મળત્યાગ પછી તેની સામું પણ જોતાં નથી, એવોજ ત્યાગ દાન કર્યા પછી કરવો જોઈએ. દાનમાં સંપત્તિના વિસર્જનનો ભાવ દાનનું સાફલ્ય છે.

ભેગું કરી જનારા કરતાં વાપરનારો સારો માટે જ કવિ સરોવર કરતાં, વરસી જતાં વાદળા અને ભરપુર સંપત્તિના સ્વામી કરતાં, દાનવીરની પ્રશસ્તિ કરે છે.

**લાખો આતે, લાખો જાતે દુનિયામેં ન**
**નિશાની હૈ જિસને કુછ દે કે દિખલાયા,**
**ઉસકી અમર કહાની હૈ.**

મહાત્મા ભતૃહરિએ કહ્યું છે કે લક્ષ્મીનું ઉપાર્જન જો પોતે જ કર્યુ હોય તો તે પુત્રી સમાન કહેવાય. જો લક્ષ્મી, પિતા દ્વારા ઉપાર્જિત હોય અને વારસામાં મળી હોય તો, બહેન સમાન ગણાય અને જો લક્ષ્મી અન્ય દ્વારા ઉપાર્જિત હોય તો તે પરસ્ત્રી સમાન છે.

પુત્રી કે બહેન પ્રતિ અપાર વાત્સલ્ય કે સ્નેહ હોય તો પણ લાંબો સમય પિયર ઘરમાં રાખી શકાય નહિં. આથી આ ત્રણમાંથી કોઈપણ સ્વરૂપે મળેલી લક્ષ્મી સંગ્રહ કરવા યોગ્ય નથી. તેથી ધર્મબુદ્ધિ ધરાવતાં આત્માઓ લક્ષ્મીનો પરિગ્રહ કરતાં તેના ત્યાગ કે દાનમાં જ સ્વપરનું કલ્યાણ સમજે છે.

સંપત્તિની મુખ્યત્વે ત્રણ ગતિ છે ભોગ, ચોરી અને દાન. ભોગોપભોગ મોજશોખ

અને વ્યસનમાં સંપત્તિનો નાશ થાય છે. ચોરી, લુંટ, માયા, છેતરપિંડી અને દરોડા દ્વારા પણ સંપત્તિનો નાશ થાય છે. ન્યાય સંપન્ન લક્ષ્મીનો ઉચિત જીવન વ્યવહાર માટે વિવેકપૂર્ણ ઉપયોગ કર્યા પછી વધે, તેનું સુપાત્રે ઉલ્લાસપૂર્વક દાન દઈએ તો તે લક્ષ્મી મહાલક્ષ્મી બને છે. લક્ષ્મીનો ભોગ તેની ભવ્યતાનું પ્રતિનિધિત્વ કરે છે. જ્યારે લક્ષ્મીનું દાન તેની દિવ્યતાના દર્શન કરાવે છે.

સંત કબીરે કહ્યું છે કે નૌકામાં પાણી વધી જાય અને ઘરમાં સંપત્તિ વધી જાય ત્યારે તેને, બન્ને હાથથી બહાર ઉલેચવાનું કામ સમજદારી ભર્યું છે. જેમ ઘરમાં એક બારીમાંથી હવા આને તે બીજી બારીમાંથી બહાર નીકળતા ફરી તાજી હવા પેલી બારીમાંથી આવી જ જશે. ઘરમાં કદી શૂન્યાવકાશ સરજાતો નથી. તેમ દાન કરવાથી સંપત્તિનો શૂન્યાવકાશ સર્જાશે નહિ.

દાન જાહેર કર્યા પછી તુરત જ રકમ જમા કરાવી દેવી જોઈએ. દાનમાં જે રકમ આપવાનો સંકલ્પ કર્યો હોય તે રકમને આપણે આપણું દેવું ગણવું જોઈએ એને ચૂકવવામાં મોડું થાય તો વ્યાજ સાથે ચૂકવવું જોઈએ. સાંપ્રત સમયે સામાજિક અને ધાર્મિક સંસ્થાઓમાં દાન અંગે સાધનશુદ્ધિની વિચારણા આવશ્યક છે. દાનએ પાપ ઢાંકવાનું સાધન ન બની રહે, તેવા વિવેક અને જાગૃતિની જરૂર છે. આવી સંસ્થાઓમાં માત્ર ધનને જ પ્રતિષ્ઠા ન મળવી જોઈએ. દાન લેનાર સંસ્થાના ટ્રસ્ટી સંચાલકો અને સ્ટાફે સંપત્તિનો, ન્યાયપૂર્ણ ઉપયોગ કરવો જોઈએ.

દાન દેનાર આપતી સંસ્થા કે દાતાઓએ એવી યોજનાઓ દ્વારા દાન આપવું જોઈએ કે લેનારને વારંવાર દાન લેવું ન પડે પરંતુ તે સ્વાશ્રયી બની શકે.

ગૌશાળા કે પાંજરાપોળોને દાન આપતા તેને એવી રીતે દાન આપવું જોઈએ કે તે પ્રાણવાન અને પગભર બને.

આવી ભાવનાવાળી વ્યક્તિઓ ગૌ હત્યાનો વિરોધ, સજીવ ખેતી, જળરક્ષા, પશુરક્ષા ચરિયાણો અને ગૌચરની રક્ષા સંવર્ધન જેવા અભિયાનમાં સહયોગ આપે તો, પરોક્ષ રીતે પણ ગૌ સંવર્ધનના કાર્યને વેગ મળે.

દાનનું મુખ્ય અંગ સ્વત્વ, અહં અને સ્વામીત્વનું વિસર્જન છે. કુબેર, આનંદ શ્રાવક, શાલીભદ્ર, ધન્ના અણગાર, વસ્તુપાળ, તેજપાળ, જગડુશા જાવડશા, ભીમાશાહ, કર્ણ, બલીરાજા અને શીવાજી જેવા દાનવીરોનું પાવન સ્મરણ કરી ઉપરાંત વર્તમાનમાં લોકકલ્યાણના માર્ગે જે દાનવીરો પરિગ્રહના પહાડમાં તીરાડ પાડી દાનની ગંગા વહાવી રહ્યાં છે તેનું અભિવાદન કરીએ.

❖❖❖

# માફી

**ધારા જસાણી**

કોઈ પણ સંબંધ હોય એ ક્યારેય એક જટકાથી તૂટતો નથી. એમાં લાગણી, પ્રેમ, કાળજી, અને સંવાદ અદ્રશ્ર્ય થતાં જાય છે ત્યારે ધીમે - ધીમે સંબંધ સુકાય જાય છે. આપણે સૌ આંગણે વાવેલાં ફૂલ-છોડને દરરોજ પાણી, પ્રકાશ મળે તેની કેવી સરસ રીતે કાળજી રાખીએ છીએ; બાકી એ કરમાઈને સુકાઈ જાય ને..! એ જ વાત સંબંધમાં અસર કરે છે તેની ખબર હોવાં છતાંયે આપણે તેની સંભાળ રાખતાં નથી..!

આ રીતે જ આકાશ અને ભૂમિનો સંબંધ પણ સુકાઈ ગયો હતો. ને આકાશ અત્યારે તેનાં સંબંધ કરાવનાર મધ્યસ્થી રાજુભાઈને મળવા ગયો હતો. ત્યાં ચા-પાણી પીને આકાશે પોતાનાં મનની વાત કહી..

'અંકલ, હું જાણું છું કે મારાથી ભૂલ થઈ ગઈ છે. પરંતુ એક હાથે તાળી ક્યારેય વાગતી નથી, સામે ભૂમિનો પણ દોષ છે ને..! તેમ છતાંયે મેં એને સોરી પણ કહ્યું છે, તો પણ એ જૂનું પકડીને બેઠી છે. હવે તમે કહો હું શું કરી શકું..?'

'આકાશ, આ વખતે તો તે તારા ગુસ્સાની હદ પાર કરી દીધી છે. તું જાણે જ છે કે ભૂમિનાં નાજુક સમયે એક પતિ તરીકે તારી કેટલી જવાબદારી હતી..! આ વખતે તો મારી પાસે પણ ભૂમિને કહેવાં માટે શબ્દો નથી..! પરંતુ હું મધ્યસ્થી છું એટલે કહું છું કે પ્રયત્ન તો તારે જ કરવો જોશે..'

'કેમ મારે જ!? હું તો સોરી કહું છું તેમ છતાંયે તે માનતી નથી.'

એકબાજુ પુરુષનો અહંકાર હતો તો બીજી બાજુ રાધાનું રીસામણ હતું.!

રાજુભાઈએ આકાશને સમજાવતાં કહ્યું, 'જો પહેલી વાત; જ્યારે રાધા રિસાઈને ત્યારે જગતનો નાથ શ્રી કૃષ્ણ પણ તેનું ઘમંડ, અહંકાર નેવે મૂકીને તેને મનાવવા જતો..! તું આ નથી કરી શકતો એનું પરિણામ ત્રણ જિંદગી ભોગવી રહી છે. પહેલાં તમે બે હતાં હવે તો બાળક પણ છે. બીજી વાત; માફી માંગવા માટે ફક્ત સોરી શબ્દ પર્યાપ્ત નથી. તે જે ભૂલ કરી છે એ માટે પસ્તાવારૂપી શબ્દોથી તારે ભૂમિ પાસે વ્યક્ત થવું પડશે અને ફરીથી તેનો વિશ્વાસ જીતવો પડશે. વ્યક્ત થવાં માટે અહંકારને ઓગાળવો જ પડે..!'

આકાશને રાજુભાઈની વાત ગળે ઉતરતાં તે ઊભો થઈને બોલ્યો : 'હું ભૂમિ અને મારાં બાળક પાસે જાઉં છું.' 'રાજુભાઈએ આકાશની પીઠ થાબડતાં કહ્યું, ' ઓલ ધ બેસ્ટ..!'

❖❖❖



BIO-DATA

# Khushboo Dilip Shah

**Job / Profession:**
Working as an Associate
PriceWaterhouse Coopers (PwC) – Goregaon (E)

**Education:**
M.Com (University of Mumbai)

**Family Details:**
**Father** : Late Shri Dilip Pranlal Shah

**Mother**: Meena Dilip Shah
Home Maker
+91 98337 85502

**Younger Brother**: Pranav Dilip Shah
Chartered Accountant
Working at BDO India LLP – Dadar/ Goregaon
+91 82915 78415 / +91 91676 81187

**Grandfather**: Late Shri Pranlal Tarachand Shah

**Grandmother**: Late Smt Labhkuwerben Pranlal Shah

**Mota Papa**: Naresh Pranlal Shah (Malad)
(Currently staying in Dubai)
+91 98335 47530

**Kaka**: Rajesh Pranlal Shah (Malad)
+91 98201 31475

**Masa**: Pranlal Desai (Vasai)
+91 93221 53561

**Caste:**
Zalawadi Dasha Shrimali Sthanakwasi Jain

Date of birth : 4th February 1992
Time & Place : 5 : 50 pm / Mumbai
Height : 5 feet 6 inches
Complexion : Fair

Cooking, Travelling, Listening Music,

Residence: A-304, Adinath Avenue, Narsing Lane, Opp.. NL High School, Malad West, Mumbai – 400064

Native Place: Dhangadhra

Advt.

# BIO-DATA

# Manan Ashish Shah

## Personal Details



| | | |
|---|---|---|
| Date of Birth | : | 29th October 1994 |
| Birth Place | : | Mumbai |
| Birth Time | : | 9:20 pm |
| Height | : | 5'.11" |
| Religion | : | Zalawadi Dasha Shrimali Sthanakwasi Jain |
| Caste | : | Jain |
| Native Place | : | Chotila (Saurashtra) |
| Email | : | mananshah51@gmail.com |
| Hobbies | : | Travelling, Reading, Listening To Music & Cooking |

## Education

- M.S in Computer Engineering From California State University, Fullerton (CSUF), California
- B. TECH in Electronics & Telecommunication Engineering From Mukesh Patel School of Technology Management of Engineering, Mumbai
- Diploma in Electronics Engineering Thakur Polytechnic, Mumbai

## Profession

Working in Ambetronics Engineers Pvt Ltd. as a Director

## Family Details

| | | |
|---|---|---|
| Grand Father | : | Manharlal Nyalchand Khandhar (Shah) |
| Grand Mother | : | Late Manjulaben Manharlal Khandhar (Shah) |
| Father | : | Ashish Manharlal Shah |
| Profession | : | Managing Director of Ambetronics Engineers Pvt Ltd. |
| Mobile No. | : | +91-98210 62102 |
| Mother | : | Rupal Ashish Shah |
| Profession | : | Director at Ambetronics Engineers Pvt Ltd. |
| Mobile | : | +91-9870043763 |

## Maternal Details

| | | |
|---|---|---|
| Nana | : | Late Shri Jayantilal Kapoorchand Sakhidas |
| Nani | : | Late Smt. Jasuben Jayantilal Sakhidas |
| Mama | : | Aptaputra Swami Nimeshnanandji |
| | | Viral Jayantilal Sakhidas (Mob.: 9322666496) |

## Paternal Details

| | | |
|---|---|---|
| Kaka | : | Paresh Manharlal Shah (Mob.: 9833663763) |
| Kaki | : | Dimple Paresh Shah (Mob.: 9819174231) |
| Brother | : | Soham Paresh Shah |
| | | Rohan Paresh Shah |

**Residential Address: B/802 & 803, Hubtown Shikhar, Parsi Panchayat Road, Opposite Sona Udyog, Andheri (East), Mumbai -400069**

Advt.

BIO-DATA

# Harsh Shah




***DOB*** : 7th November 1993 | 9:59 pm | ***Place :*** Ghatkopar Mumbai

***Height*** : 5.5"

***Caste :*** Zalawadi Dasha Shrimali Stanakwasi Jain

***Native Place*** : Navda - Gujarat

***Qualification*** :

- Bachelor of Science in Information Technology (Guru nanak Khalsa College, Wadala).
- Master of Business Administration in Marketing (Western University Sydney)
- Currently Pursuing Diploma of Leadership and Management.

***Occupation :*** Marketing Head in Sunboost Solar - Sydney, Australia

***Hobbies :*** Travelling, Music, Sports

***Australia Address*** : 44 Wall Park Avenue Seven Hills Sydney 2147 New Southwales

***Contact*** : +61 421165454 | harshstarline@gmail.com

## *Family Details*

***Father:*** Manoj Vrajlal Shah |+91 9867272377

***Occupation :*** Business Divakaran Engineering

***Mother:*** Reena Manoj Shah | +91 9867286706 (Home Maker)

***Sibling*** : Shaily Manoj Shah (Studying Master of Arts in EMA)

***Residency :*** 402 , Valmiki Next to Canara Bank,R.B.Mehta Marg 60 feet Road,Ghatkopar East,Mumbai - 400077.

***Office*** : Vacuum Form Products 37, Vadhani Industrail Est, L.B.S Marg ,Opp Damodar Park,Ghatkopar (West) Mumbai 400086.

## *Paternal Details*

***Grandfather :*** Vrajlal Manilal Shah (Navdawala)

***Grandmother :*** Late Chandrika Vrajlal Shah

***Uncle :*** Nerav Vrajlal Shah |Aunt : Krupali Nerav Shah

***Uncle :*** Paras Vrajlal Shah | Aunt : Swati Paras Shah

## *Maternal Details*

***Grandfather*** : Late Bharat Himatlal Shah

***Grandmother*** : Meeta Bharat Shah

***Uncle*** : Jitesh Bharat Shah | Aunt : Jinal Jitesh Shah

***Uncle*** : Dipesh Bharat Shah | Aunt : Lipsa Dipesh Shah

Advt.


KRISHNA
LEISURE HOLIDAYS LLP
EUROPE
with KRISHNA LEISURE HOLIDAYS
28 April 12 May 25 May
Time to travel
Germany
> Munich
Austria
> Innsbruck >Salzburg
France
> Paris
Switzerland
> Zurich > Engelberg
> Lake Titisee > Lucerne
> Interlaken > Bern
> Geneva
Netherlands
> Amsterdam
12 Nights & 13 Days
Group packages
Experienced tour manager
Chef accompanied travel
Package Include
Return Air Fare
Tourist Visa
Travel Insurance
Hotel Accommodation 3/4*
All Transfers & Sightseeing In Luxury Coach
Delicious
Indian food Veg / Jain
For reservation visit us :
www.krishnaleisure.com
or call us :
Haresh Patel : 7506644416
Mehul Rawal : 7506644418
Brijen Gandhi : 7506644419
Vishal Duwa : 7506644420

## પ્રત્યેક ઝાલાવાડી સભ્યનું ઉત્તરદાયિત્વ

# 'આધારસ્તંભ યોજના'

સમગ્ર જૈન સમાજમાં આદર્શરૂપ કહી શકાય તેવી આપણી માતબર સંસ્થાએ ૧૨૦ વર્ષની દીર્ઘયાત્રામાં સામાજિક ઐક્ય અને ઉત્કર્ષનાં ઉત્તમ કાર્યો સંપન્ન કર્યાં છે.

ઝાલાવાડી સભાના નવા આયામોમાં દાતાઓએ ઉદાર હૃદયે હંમેશા સાથ આપ્યો છે, પણ અમે એવું વિચાર્યું છે કે આ સામાજિક યજ્ઞમાં સહુનું યોગદાન જોઈએ – સામાજિક તમસને ઓગાળવા સહુએ એક દીવો પ્રગટાવવાનો – ઇશ્વરની મૂર્તિ માટે એક નાનકડી બાળકીએ આપેલા સિક્કા જેવો અમૂલ્ય દીવો.

આ યોજના મુજબ **નોટબુક, સ્વધર્મી સહાય, મેડિકલ રાહત યોજના** તથા અન્ય સહાય યોજના માટે એટલે **રૂા. ૧૧,૦૦૦/-** આપનાર પરિવાર તે વર્ષનો આધાર સ્તંભ અને ઉપરોક્ત યોજનાઓના સહયોગી દાતા બની શકશે. એક એક બુંદ થકી હોજ ભરાઈ જાય એવી આ વાત છે. આપણા સાધર્મિક બંધુઓને સહાયરૂપ થઈ શકીએ, વિદ્યાને ઉત્તેજન આપી શકીએ, અને માંદગીમાં મૂંઝાયેલા બંધુ-ભગિનીને હળવાશ આપી શકીએ...આપણું કશું આપીને અન્યને પ્રસન્ન કરવાની, દાનની નાનકડી ધારા વહાવવાની આ વાત છે.

આપણે જૈનો 'Really, we are blessed one.' લક્ષ્મીજીની કૃપા સદૈવ આપણા પર રહી છે. આમ પણ સત્કાર્ય સિવાય જીવનમાં કશું સાથે આવતું નથી એ આપણે સમજીએ છીએ. ઝાલાવાડી સભાના ૫૯૦૦ પરિવાર આખા વર્ષમાં કેવળ એક જ વખત ૧૧,૦૦૦/- રૂા.નું અનુદાન કરી સભાના પ્રકલ્પોને વેગવાન બનાવે. સભા સાથેનું સાતત્ય જાળવી રાખે એવી અમારી નમ્ર અરજ છે. વર્ષભરમાં આવતા મંગલ પ્રસંગોની સ્મૃતિમાં સભા તમારા હૈયે રહેવી જોઈએ એવી અપેક્ષા છે. ઝાલાવાડી સભાના આધારસ્તંભ બનવાનું ગૌરવ અને સંતોષ આપને પ્રાપ્ત થશે એટલું ચોક્કસ...

- આપનો ચેક 'Zalawadi Sabha Charitable Foundation'ના નામનો મોકલવા વિનંતી.
- આપનું દાન ૮૦-જી અન્વયે કરમુક્ત રહેશે.

### આ યોજનામાં જોડાનાર વધુ બડભાગી દાતાઓ : દરેકના રૂા. ૧૧,૦૦૦

- ધનલક્ષ્મીબેન બી. કાનાણીના સ્મરણાર્થે હ. જ્યોતિબેન રાજેશભાઈ શાહ - કાંદિવલી
- સ્વ. શ્રીમતી શારદાબેન જયંતિલાલ શાહ ચુનાભટ્ટી પરિવાર તરફથી હસ્તે પારૂલ ચેતન શાહ તરફથી શ્રી ચેતન ના ૬૧માં જન્મદિવસે ભેટ
- સ્વ. લીલાવતીબેન ભાઈચંદભાઈ દોઢિવાલાના સ્મરણાર્થે હ. તેમના સંતાનો તરફથી થાનગઢ નિવાસી (હાલ - બોરીવલી)

## સાભાર સ્વીકાર

| | |
|---|---|
| લીસા ડેલીવાલા તરફથી ભરતભાઈ હિંમતલાલ ડેલીવાલાના સ્મરણાર્થે શ્રી કનુભાઈ ગંભીરચંદ ઉમેદચંદ શાહ ઈન્ટરનેશનલ એજ્યુકેશન ફંડ | રૂા. ૭૫૦૦૦/- |
| લીસા ડેલીવાલા તરફથી શાંતિલાલ કેશવલાલ શાહના સ્મરણાર્થે શ્રી કનુભાઈ ગંભીરચંદ ઉમેદચંદ શાહ ઈન્ટરનેશનલ એજ્યુકેશન ફંડ | રૂા. ૨૫,૦૦૦/- |
| મોના ડેલીવાલા તરફથી ભરતભાઈ હિંમતલાલ ડેલીવાલાના સ્મરણાર્થે શ્રી કનુભાઈ ગંભીરચંદ ઉમેદચંદ શાહ ઈન્ટરનેશનલ એજ્યુકેશન ફંડ | રૂા. ૭૫૦૦૦/- |
| મોના ડેલીવાલા તરફથી શાંતિલાલ કેશવલાલ શાહના સ્મરણાર્થે શ્રી કનુભાઈ ગંભીરચંદ ઉમેદચંદ શાહ ઈન્ટરનેશનલ એજ્યુકેશન ફંડ | રૂા. ૨૫૦૦૦/- |

પાળીયાદ નિવાસી (હાલ - સુરેન્દ્રનગર ચિંચપોકલી) શ્રી મહાસુખભાઈ વ્રજલાલ જોબાલીયાની માસિક પુણ્યતિથિ નિમિત્તે -શુભફંડ ૧૧૦૦

### ઝાલાવાડી સભા ચેરિટેબલ ફાઉન્ડેશન

### હાયર એજ્યુકેશન લોન સંબંધી

**ઝાલાવાડી સભાના તેજસ્વી તારલાઓ ઝાલાવાડી સભાની ઉપરોક્ત યોજના માંથી લોન મેળવીને કુનેહ ખંત અને ધગશથી સામાજિક વર્તુળમાં મોભાદાર સ્થાન ધરાવે છે. જેમની સફળ કારકિર્દી માટે સંસ્થા ગર્વ અને આનંદ અનુભવે છે.**

**ઝાલાવાડી સભા એટલે કે આપણા સમાજના ઉત્કર્ષ માટે કાર્ય કરતી સંસ્થા. સભા દર વર્ષે વિદ્યાર્થીઓને શિક્ષણ માટે આર્થિક સહયોગ પ્રદાન કરે છે. આ રોટેશન વર્ષોથી ચાલ્યું આવે છે અને જે વિદ્યાર્થીઓએ લોન લીધી હોય તેજ વ્યક્તિ લોન સાથે બીજી રકમ ઝાલાવાડી સભાને બીજા વિદ્યાર્થીઓને સહાય માટે મોકલતા આવ્યા છે. જેથી આપની ફરજ બને છે કે આપશ્રી ૩૧-૩-૨૦૧૯ પહેલા લીધેલી લોનની રકમ પરત મોકલી આપશો. જેથી સમાજના બીજા જરૂરિયાત મંદ વિદ્યાર્થીઓને સંસ્થા સહાયરૂપ થઈ શકે. સાથે આપનું એડ્રેસ-ફોન નંબર તથા Email ID જણાવવા વિનંતી. લોન પરત કરવા તમને સહુને પત્ર મોકલવાથી ઘણા સભ્યોએ સહકાર આપ્યો છે. હજી ઘણા ભાઈ બહેનોની લોન હજી બાકી રહી ગયેલ છે તો એમને નમ્ર વિનંતી છે કે લોન પરત કરવી. આપશ્રી આપની લોનની રકમ નીચે આપેલ બૅંક ડિટેલ્સમાં ઑનલાઇન જમા કરાવીને એની Transaction ID - Receipt, Mobile No. 9322671087 ઉપર મોકલી આપશો સાથે લોન લેનાર વિદ્યાર્થીનું નામ અને એડ્રેસ મોકલશો. જેથી રસીદ મોકલવામાં સરલતા રહે.**

**Zalawadi Sabha Charitable Foundation**
**Bank of India, Kalbadevi Branch A/c. 002410100055214**
**IFSC Code: BKID0000024**

**કન્વીનર, મહેશભાઈ દોશી**

## વેવિશાળ

| તનય / માનવી | વરપક્ષ | કન્યા પક્ષ |
|---|---|---|
| **તનય** — **માનવી** | | |
| શ્રી ડિમ્પલભાઈ ચંદ્રકાંતભાઈ શાહના સુપુત્ર સુરેન્દ્રનગર નિવાસી (હાલ - કાંદિવલી) શ્રી વિપુલભાઈ હિંમતલાલ મહેતાની સુપુત્રી સાવરકુંડલા નિવાસી (હાલ - કાંદિવલી) | ૧૦૦૧ | ૧૦૦૧ |
| **સાગર** — **હિલોની** | | |
| શ્રી કિરીટભાઈ રતિલાલ શાહના સુપુત્ર સાવરકુંડલા નિવાસી (હાલ-ઘાટકોપર) શ્રી નૈનેશભાઈ હરેશભાઈ સંઘવીની સુપુત્રી લીંબડી નિવાસી (હાલ - ઘાટકોપર) | ૧૦૧૧ | ૧૦૧૧ |
| **પાર્થ** — **ફોરમ** | | |
| શ્રી યતીનભાઈ મહેન્દ્રભાઈ મહેતાના સુપુત્ર રાજકોટ નિવાસી (હાલ - રાજકોટ) શ્રી અમીતભાઈ નવીનચંદ્ર મહેતલીયાની સુપુત્રી રંગપુર (બોટાદ) નિવાસી (હાલ - મીરારોડ) | ૫૦૦ | ૫૦૦ |
| **ધૈર્ય** — **રાજવી** | | |
| શ્રી સુનિલભાઈ પ્રવિણચંદ્ર શાહના સુપુત્ર ચુડા નિવાસી (હાલ - કાંદિવલી) શ્રી હિતેષભાઈ જસવંતલાલ શાહની સુપુત્રી ધાંગધ્રા નિવાસી (હાલ - ભાયંદર) | ૧૦૦૦ | ૧૦૦૦ |
| **ક્રિસ** — **હિમાની** | | |
| શ્રી મિલનભાઈ મહાસુખલાલ વોરાના સુપુત્ર વઢવાણ નિવાસી (હાલ - બોરિવલી) શ્રી શૈલેષભાઈ ચંદ્રકાન્તભાઈ મહેતાની સુપુત્રી માળીયા (મિયાણી) નિવાસી (હાલ-ભાયંદર) | ૫૦૦ | ૫૦૦ |
| **સૌમીલ** — **અવનિ** | | |
| શ્રી પરેશભાઈ ન્યાલચંદભાઈ સુખલાલ શાહના સુપુત્ર ખેરવા (જતના) નિવાસી (હાલ-અંધેરી) શ્રી સંજયભાઈ રમણીકલાલ ભીખાલાલ સંઘવીની સુપુત્રી ધાંગધ્રા નિવાસી (હાલ - કાંદિવલી) | ૫૦૦ | ૫૦૦ |

## પ્રભુતામાં પગલાં

**કવિન-મિલોની**

શ્રીમતી જીજ્ઞાબેન પરાગભાઈ ધીરજભાઈ શાહના સુપુત્ર પાટણ નિવાસી (હાલ - મરીનડ્રાઈવ) શ્રીમતી અવનીબેન હિરેનભાઈ ન્યાલચંદ કોઠારીની સુપુત્રી ચુડા નિવાસી (હાલ - દાદર) ૧૧૧૧ ૧૧૧૧

# સુકાયેલા કાગળ, ને એવા તમે હું; ભીના પ્રસંગોની વાતો શું કરવી ?

ડૉ. શરદ ઠાકર

'ડૉક્ટર, મારી દાઢ દુખે છે; જરા તપાસી આપો ને !' એક પાંત્રીસેક વર્ષની મહિલાએ ડૉ. નરેન્દ્રભાઈ મહેતાને કહ્યું. ડૉ. મહેતા આજે તો સિનિયર ડેન્ટિસ્ટ ગણાય છે. પણ આજથી ત્રીસ-બત્રીસ વર્ષ પહેલાં જ્યારે આ ઘટના બનેલી ત્યારે ડૉ. મહેતા હજુ સાવ નવા-સવા જ હતા. પ્રેક્ટિસ શરૂ કર્યાને માંડ એકાદ વર્ષ થયું હશે.

પેશન્ટ બનીને આવેલી સ્ત્રી ઠસ્સાદાર હતી. સાથે એનો પતિ હતો એ પણ રંગઢંગ પરથી પૈસાદાર લાગી રહ્યો હતો. ક્લિનિકની બહાર એણે ગાડી એવી રીતે ઊભી રાખી હતી કે બીજા દરદીઓને જતાં-આવતાં નડે. એના ઉપરથી એના સંસ્કાર દેખાઈ આવતા હતા.

ડૉ. મહેતાએ સ્ત્રીનું નામ પૂછ્યું. જવાબ મળ્યો : નીલમ વિભાકર શાહ. ડૉ. મહેતા બોલી ઊઠ્યા. 'તો તમે જ વિભાકરભાઈ છો, એમ ને ? તમારું નામ તો ખૂબ સાંભળ્યું છે. સારી વગ ધરાવો છો તમે, સાહેબ !'

'ઠીક છે, ડૉક્ટર ! નાના ગામમાં મોટો માણસ ગણાઉં છું. બાકી પચીસ-પચાસ કરોડ રૂપિયા મારી પાસે હોય એ કંઈ ન કહેવાય.' વિભાકરે ગળું ફુલાવીને પોતાનું બૅંક બૅલેન્સ જાહેર કરી દીધું. પછી ગર્વીલું હસી લીધું.

ડૉ. મહેતાએ નીલમગૌરીનુ ગોરું-ગોરું મોં ખોલાવ્યું. પ્રકાશનો લિસોટો ફેંક્યો. જમણી તરફ નીચેની બાજુની એક દાઢ હલતી હતી. એમણે કહી દીધું, 'બહેન, આ દાઢ સાવ ગયેલી છે. કાઢી નાખવી પડશે.'

'કાઢી નાખો.' નીલમે હસીને હા પાડી દીધી. ડૉક્ટરે ચામડી બહેરી કરવાનું ઈન્જેક્શન આપીને આંખનો પલકારો મારીએ એટલી વારમાં દાઢ ખેંચી કાઢી. આજના સમયમાં પ્રેક્ટિસની પ્રણાલી બદલાઈ ગઈ છે. કોઈ પણ ડેન્ટિસ્ટ દરદીના જડબાનો એક્સ-રે કઢાવ્યા પછી જ દાઢ પાડવાનું વિચારે છે. ખાસ કરીને મોટાં શહેરોમાં અને પૈસાદાર દરદીઓના કિસ્સામાં એ ખાસ આ પરંપરા જાળવે છે. પણ એ સમયે આવા બધા નિયમો પાળવામાં આવતા ન હતા.

નીલમબહેન દસ રૂપિયાની 'તગડી' ફી ચૂકવીને ગાડીમાં બેસામાં બેસીને રવાના થઈ ગયા. ડૉક્ટરે ઍન્ટિબાયોટિકલ અને દર્દશામક મેડિસિન્સ લખી આપી હતી, તે પાંચ દિવસ સુધી ગળતાં રહ્યાં. ખૂબ સારું લાગ્યું. પણ છઠ્ઠા દિવસે એ પાછાં આવ્યાં. 'ડૉક્ટર, જે દાઢ તમે પાડી આપી, ત્યાં દુખાવો થાય છે.' ડૉક્ટરે જોયું તો તે જગ્યા પર સોજો આવી ગયો હતો. એમણે બીજી દવાઓ પ્રિસ્ક્રાઈબ કરી આપી. મટી ગયું.

અગિયારમા દિવસે નીલમગૌરી ફરીથી હાજર. એની એ જ ફરિયાદ. આ વખતે એમના અવાજમાં સહેજ તીખાશ હતી. ડૉ. મહેતા ચિંતામાં પડી ગયા. દાઢ કાઢવામાં એમની કશી ભૂલ નહોતી થઈ. તકલીફ પણ નહોતી પડી. અંદર દાંતની કરચ રહી ગઈ હોય તેવી પણ શક્યતા ન હતી. તો પછી આવું કેમ ? એમણે હાયર ઍન્ટિબાયોટિક કેપ્સુલ્સ લખી આપી. બીજા દિવસથી જ સારું લાગવા માંડ્યું.

ડૉ. મહેતાનું કિસ્મત ખરાબ હતું. જેવી દવાઓ ખતમ થઈ, એ સાથે જ સોજો પાછો શરૂ થયો. આ વખતે નીલમની સાથે એનો પતિ વિભાકર પણ આવી ચડ્યો. એણે તો આવતાંવેંત ડૉ. મહેતાનો ઊધડો લેવાનું શરૂ કરી દીધું, 'આ બધું શું છે, ડૉક્ટર ? તમને દાઢ પાડવા જેવું મામૂલી કામ પણ આવડતું નથી ? તમારા કરતાં તો ફૂટપાથિયા ઊંટવૈદો સારા. જે હોય તે સાચેસાચું કહી દો, નહીંતર મારે તમારી ઉપર કેસ ઠોકી દેવો પડશે.'

ડૉ. મહેતા થથરી ઊઠ્યા. હજુ તો સાવ તાજી પ્રેક્ટિસ હતી. ધીમે ધીમે એમના કામની અને સ્વભાવની સુગંધ ફેલાતી જતી હતી. સાવ નજીવી ફીના બદલામાં તેઓ પૂરેપૂરી આવડત અને નિષ્ઠા સાથે કામ કરી રહ્યા હતા. એમાં આ ઉપાધિ ક્યાં આવી પડી ! વિભાકર માણસ પણ પાછો વગદાર. એટલે ડૉક્ટરને હેરાન કરવામાં એ કશુંયે બાકી ન રાખે એ વાત નક્કી હતી.

ડૉ. મહેતાને લાગ્યું કે એમના પોતાના દાંત હલવા માંડ્યા છે. એમણે ઍક્સ-રેની સલાહ આપી. નીલમ ઍક્સ-રેનો રિપોર્ટ કઢાવીને પાછી આવી. વિભાકરે ગરમ અવાજમાં પૂછ્યું, 'શું પકડાયું ? દાઢનો ટુકડો-બુકડો અંદર રહી ગયો છે કે શું ?'

હવે ડૉ. મહેતા રાજા બની ગયા, 'મિ. વિભાકર, આ ઍક્સ-રે મારા માટે સારા સમાચાર લઈને આવ્યો છે. મેં જે દાઢ કાઢી આપી હતી એને લગતી કોઈ જ કોમ્પ્લિકેશન થઈ નથી. તમારી પત્નીને જડબામાં મોટું 'ડેન્ટલ સિસ્ટ' છે. આવું બહુ ઓછા કેસમાં જોવા મળે છે. નીચેના મેન્ડિબલનો થોડોક જ ભાગ સલામત બચ્યો છે. તમારે તાત્કાલિક અમદાવાદની ડેન્ટલ કૉલેજ સાથે જોડાયેલી મોટી હૉસ્પિટલમાં જવું પડશે. ત્યાં હું જેમના હાથ નીચે ભણેલો છું તે મોટા સાહેબ તમારી સારવાર કરી આપશે. આ કામ સૌ કોઈ કરી શકે તેવું આસાન નથી.'

ડૉ. મહેતાએ લખી આપેલી ચિઠ્ઠી લઈને નીલમ-વિભાકર અમદાવાદ પહોંચ્યાં. મોટા સાહેબે ઑપરેશન કરીને સિસ્ટ કાઢી આપ્યું.

નીલમને મટી ગયું. પતિ-પત્ની જ્યારે આભાર માનવા લાગ્યાં, ત્યારે મોટા સાહેબે એમને અટકાવી દીધા; કહ્યું : 'આ કિસ્સામાં જેટલું ઑપરેશન અઘરું હતું એના કરતાં પણ વધારે અઘરું નિદાન હતું. તમારે આભાર માનવો જ હોય તો ડૉ. મહેતાનો માની આવજો. આવો યુવાન અને આટલો હોશિયાર ડૉક્ટર તમારા નાનકડા શહેરમાં પ્રેક્ટિસ કરી રહ્યો છે, એ તમારા શહેર માટે ગૌરવની ઘટના છે.'

નીલમ અને વિભાકર જ્યારે પાછાં આવીને ડૉ. મહેતાને મળ્યાં, ત્યારે ડૉક્ટરે રાહતનો દમ ખેંચ્યો. પણ આજે એ ઘટનાને ત્રીસ-બત્રીસ વર્ષ થઈ જવા છતાંયે એમની કંપારી શમી નથી. તેઓ ક્યારેક સ્વગત આ સવાલ પૂછી લે છે : 'આ દેશમાં આવું કેમ છે ? ડૉક્ટર અને દરદી વચ્ચે પ્રેમ, આદર અને વિશ્વાસનો સંબંધ હોવો જોઈએ તે કેમ દેખાતો નથી ? શું બીજા દેશોમાં પણ આવી જ સ્થિતિ પ્રવર્તતી હશે ? એની ખબર તો અંગત અનુભવ થાય તો જ પડે.' પણ એવા અંગત અનુભવો તે ક્યાંથી થાય અને ક્યારે થાય ?

●●●

વીસ વરસ પસાર થઈ ગયાં. ડૉ. મહેતા હવે વરિષ્ઠતા પ્રાપ્ત ડેન્ટિસ્ટ બની ગયા હતા. શહેરમાં એમની નામના હતી. સ્વભાવે સેવાભાવી હોવાના લીધે અનેક સંસ્થાઓ સાથે તેઓ જોડાયેલા હતા. ગરીબ દરદીઓ માટે કામ કરતી સંસ્થાઓમાં નિઃશુલ્ક સેવાઓ આપવા જતા હતા. કડવા અનુભવોને થૂંકી નાખતા હતા અને મીઠાં સંસ્મરણોને મમળાવતા રહેતા હતા.

આવી જ એક ઈન્ટરનેશનલ સંસ્થાના સભ્ય તરીકે એમને આમંત્રણ આપવામાં આવ્યું, 'આપણી સંસ્થાની ફિલિપાઈન્સની શાખા તરફથી તમને બોલન્ટિયર ડેન્ટિસ્ટ તરીકે પસંદ કરવામાં આવ્યા છે.' ડૉ. મહેતાએ આમંત્રણ સ્વીકારી લીધું. નિર્ધારિત દિવસે નિર્ધારિત વિમાનમાં બેસીને ડૉ. મહેતા એ અજાણ્યા દેશની ધરતી ઉપર જઈ પહોંચ્યા. પ્રથમ દિવસે જ એમને જે અનુભવ થયો તે એમના માન્યામાં આવે તેવો ન હતો.

ફિલિપાઈન્સના પાટનગરમાં પગ મૂકતાંવેંત એમનું સ્વાગત કરવા આવેલા સભ્યોના આગેવાને એમને વિનંતી કરી, 'સર, અમાર દેશની પરંપરા છે કે વિદેશથી પધારેલા કોઈ પણ મોટા માણસને સૌથી પહેલાં રિઝાલની સમાધિનાં દર્શન માટે લઈ જવામાં આવે છે. આપને પણ ત્યાં જ લઈ જવાના છે.'

'પણ હું ક્યાં મોટો માણસ છું ? હું તો એક સામાન્ય ડૉક્ટર...' યજમાને એમનું વાક્ય પૂરું થવા ન દીધું, અમારા દેશમાં એક ડૉક્ટરનું સ્થાન અને માન મિનિસ્ટર કરતાંયે વધારે ઊંચું માનવામાં આવે છે. સર, તમે જેટલા દિવસ માટે ફિલિપાઈન્સમાં છો, ત્યાં સુધી આ વાક્ય મહેરબાની કરીને ફરી વાર ન ઉચ્ચારશો.' રિઝાલ એટલે આપણા દેશની મહાત્મા ગાંધીની સમાધિ જેવું સમકક્ષ અને પવિત્ર સમાધિસ્થાન.

પાટનગર મનિલાનો એક ભાગ ક્વિઝોન સિટી છે. ત્યાંના ટ્રાફિક માટે કડક નિયંત્રણો લાદવામાં આવ્યાં છે. ધારો કે કોઈ ફેક્ટરી વર્કરને બુધવારે રજા હોય છે, તો ત્યાંની સરકારે એની ગાડીની નંબર પ્લેટ જ એવી બનાવેલી હોય છે કે એની કાર રજાના દિવસે શહેરમાં ફરી જ ન શકે. જે કર્મચારીઓને રવિવારે રજા હોય, તેમને પણ આવો જ નિયમ લાગુ પાડવામાં આવે છે.

મિત્રોએ કહ્યું, 'ડૉ. મહેતા, આ નિયમમાં એકમાત્ર અપવાદ ડૉક્ટરને આપવામાં આવ્યો છે. અમારી સરકાર ડૉક્ટરને દેશનો સૌથી મોટો વી.આઈ.પી. સમજે છે. ડૉક્ટરની કાર અઠવાડિયાના ગમે તે દિવસે બહાર ફરી શકે છે.'

ડૉ. મહેતા વિચારી રહ્યા, 'અમારા દેશમાં માત્ર લાલ લાઈટવાળી ગાડીમાં બેઠા હોય તેને જ વી.આઈ.પી. માનવામાં આવે છે.'

ફિલિપાઈન્સના રોકાણ દરમિયાન ડૉ. મહેતા બીમાર પડી ગયા. સામાન્ય તાવ હતો. પણ એ શહેરના અસંખ્ય નાગરિકો એમની ખબર પૂછવા આવી ગયા. પાછું કોઈ ખાલી હાથે ન આવે. બધાંના હાથમાં તાજાં, મીઠાં, વિવિધ જાતનાં ફ્રુટ્સ હોય. આખો ઓરડો ફળોથી ભરાઈ ગયો. ડૉક્ટર મૂંઝાઈ ગયા. મિત્રોને પૂછ્યું, 'આ બધા ફળો શા માટે લાવે છે ? તમારા દેશમાં આવો રિવાજ છે ?'

'ના, રિવાજ તો ફ્લાવર્સ આપવાનો છે, પણ અહીં બધાંને એ વાતની ચિંતા છે કે આપણી સેવા માટે પધારેલા ડૉક્ટર તો વેજિટેરિયન છે; તાવમાં એ ખાશે શું ? માટે એ બધાં ફ્રુટ્સ લઈને આવે છે.'

ડૉ. મહેતાએ આંખોમાં ધસી આવતાં આંસુઓને માંડ માંડ ખાળી રાખ્યાં. પણ બીજા દિવસે એમને જાણવા મળ્યું, ખ્રિસ્તીઓની બહુમતી ધરાવતા આ દેશમાં આજે સવારે અહીંના સૌથી મોટા ચર્ચમાં ઈન્ડિયાથી પધારેલા ડૉક્ટર જલદી સાજા થઈ જાય તેવી ઈશ્વરને પ્રાર્થના કરવામાં આવી હતી. આ ખાસ પ્રેયરમાં ચારસોથી પાંચસો જેટલા નાગરિકોએ હાજરી આપી હતી. આ સાંભળીને ડૉ. મહેતા ગદ્‌ગદ્‌ થઈ ગયા. હવે એમનાં આંસુઓ પણ વશમાં ન હતાં. ટપ... ટપ... ટપ કરતાં ખરી પડ્યાં. ત્યારે આટલાં વરસો પછી પણ એમને નીલમ અને વિભાકર યાદ આવી ગયાં.

❖❖❖

**ઝાલાવાડી સભા ચૅરિટેબલ ફાઉન્ડેશન**
**શૈક્ષણિક ઉત્કર્ષ યોજનામાં તા. ૨૫-૧૧-૨૦૨૩ પછી મળેલ રકમની વિગત**

| | |
|---|---|
| **શ્રીમતી શારદાબેન ભોગીલાલ વોરા ચેરીટી ટ્રસ્ટ કાંદિવલી** | **૧૦,૦૦,૦૦૦/-** |

# શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા –મુંબઈ
# ઝાલાવાડી સભા ચેરિટેબલ ફાઉન્ડેશન

**301, Bay View (East), 3rd Floor, 47, Dr. M.B. Velkar Street, (Kolbhat Lane) Chira Bazar, Mumbai - 400 002.**

**Office Time : 11.00 A.M. To 7.00 PM । Lunch Time : 1.00 To 2.00 PM**

**Please Note : Office New Mobile No. 7208472884 • 7208481791 • 7208472744**

**સ્નેહાળ સભ્ય મિત્રો,**

ઝાલાવાડી સભા આપ સર્વેની કુશળતા ઈચ્છે છે. સભ્યોની તંદુરસ્તી બની રહે તેવી ઈશ્વરને પ્રાર્થના.

ઝાલાવાડી સભાના દરેક સભ્યોને જણાવતાં અત્યંત આનંદ થાય છે કે આપણી મુંબઈ ઓફિસ રાબેતા મુજબ ચાલુ થઈ ગયેલ છે. સભાના ચારેય સેનિટોરિયમનું બુકિંગ ઓનલાઈન કરવાનું રહેશે.

**Shree Zalawadi Sthanakwasi Jain Sabha - Mumbai**
**Bank of India - Kalbadevi Branch - A/c. 002410100027896 - IFSC Code: BKID0000024**
**પત્રિકા માટે જાહેરાતની રકમ ઉપર આપેલ એકાઉન્ટમાં જમાં કરાવવાની રહેશે**

**Zalawadi Sabha Charitable Foundation**
**Bank of India - Kalbadevi Branch - A/c. 002410100055214 - IFSC Code: BKID0000024**
**અનુદાન/ ડોનેશનના રૂપિયા ચેરિટેબલ ફાઉન્ડેશનમાં મોકલવા જેથી કરરાહતનો લાભ મળી શકે.**

**જે પણ રકમ દાનની ઓનલાઈન મોકલો તેની Transaction ID /Receipt મિલનભાઈને મોકલવા વિનંતી.**

| | | | |
|---|---|---|---|
| લોનાવલા : મિલનભાઈ<br>**9860125136**<br>પંચગીની : નિરવભાઈ<br>**9819012468** | સંસ્થાના મેનેજર<br>શ્રી પ્રદીપભાઈ તુરખિયા<br>સંપર્ક<br>**9867748120** | પત્રિકા જાહેરખબર<br>દેવલાલી :<br>આશાબેન<br>**9819956529** | સુરેન્દ્રનગર અતિથિ ભવન<br>સુરેન્દ્રનગર – કેતનભાઈ શાહ<br>**9099350644 / 9426756100**<br>મુંબઈ – મિલનભાઈ તુરખિયા<br>**9860125136 / 7208472884** |

**સેનિટોરિયમનું બુકિંગ ઑનલાઈન zalawadi.com ઉપર જ કરવાનું રહેશે એની નોંધ લેવા વિનંતી.**

## ખુલાશો

